**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫/– આજીવન ૨૫૧/–
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જયોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# C અનુક્રમણિકા C

| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| એક પત્ર | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| Van Vishram 2009 | Pratik Smart | ૧૦ |
| બાળયાત્રા(૩) | વિનોદિનીબહેન પટેલ | ૧૬ |
| પૂ.શ્રીમાની સંનિધિકેરા સાગરનાં હરિરસમાં સ્નાન | ડૉ. બી. જે. જાગાણી | ૨૨ |
| પરિગ્રહ દુઃખનું કારણ | યોગેશ્વરજી | ૩૨ |
| પ્રણામ પૂજા | કલ્યાણ | ૩૪ |
| વિશ્વમાતાની ઓળખ | 'બ્રહ્મર્ષિ' જનાર્દન દવે | ૩૯ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૪૩ |
| એક નર્તિકીનું જીવન પરિવર્તન | અનુ. કુંદનિકા કાપડીયા | ૪૯ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૫૬ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

## r ભક્તિસુધા r

અખંડ તાર પ્રભુનામનો, લાગી રહે મનમાંય;
કદા સ્મરણમાં રહી સદા, બીજે જાય ન ક્યાંય? ૭૬
કામી સ્ત્રીસમરણ કરે, લોભી સમરે દામ;
પ્રભુને એમ સમરી કદા, થઇશ આતમારામ? ૭૭
ભૂખ્યો અન્નસમરણ કરે, તરષ્યો સમરે તોય;
પ્રભુને સમરું એ રીતે, કદા દિવસ એ હોય? ૭૮

**(મહારાજશ્રીનથુરામશર્માજી)**

# શુભેચ્છાભરી અભિનંદનીય સહાય

**માતૃશ્રી કમળાબેન મોહનલાલ ગાંધીની પુણ્ય સ્મૃતિમાં.**

**આપના બાળકો**

**(૧) શ્રી અનસુયાબેન**

**(૨) શ્રી ચંદ્રકાન્તભાઇ**

**(૩) શ્રી આશીતભાઇ**

**(૪) શ્રી સુજાતાબેન**

**(૫) શ્રી જાગૃતિબેન**

**આ માસનો આ અંક આપના ચરણે અર્પણ કરી આપની વિશેષતાને વંદન કરીએ છીએ.**

**—મા સર્વેશ્વરી**



# એક પત્ર

**શ્રીયોગેશ્વરજી**

(વિદેશની ધરતી ઉપરથી પૂ.મહાત્માશ્રી યોગેશ્વરજીનો મા શ્રી સર્વેશ્વરી ઉપરનો એક પત્ર, જ્યારે મા સર્વેશ્વરી સરોજબહેન હતા.)

ૐ

ટોરેન્ટો

તા.૨૮/૧૦/૭૮

શ્રી શારદા નમન હો શતવાર મારા.

આનંદમાં હશો. કુશળ હશો.

નૂતનવર્ષ પાસે જ છે. આ પત્ર મળશે, ત્યાં સુધીમાં તો તે પસાર થઇ ગયું હશે. જીવ શિવનું સુમધુર સંમિલન થાય છે ત્યારે જીવનમાં સદાની દિવાળી પ્રગટે છે. સદાનું નૂતનવર્ષ શરૂ થાય છે. જીવનમાં એવી દિવાળી, એવું નૂતનવર્ષ પ્રકટે એવું ઈચ્છું છું. આપણું જીવન સમુચિત સાધનાનો આધાર લઈને શિવની સંનિધિ સાધવા માટે છે.

આ સંદેશો મળશે તે પછી એક બીજો પણ મહત્ત્વનો મહામંગલ પર્વદિન આવી જશે. ૧૩ નવેમ્બર સર્વેશ્વરીનો આ પાર્થિવ પૃથ્વીપરનો પ્રાકટ્યદિન. એ ધન્ય દૈવી દિવસે કપૂરાની ધરતી પર જગદંબાનો પ્રાદુર્ભાવ થયો. ભગવતીએ આંખ ઉઘાડી. મા જગદંબા કહે છે કે ***સર્વેશ્વરીના સુધાસભર સુંદર સ્વરૂપને ધારણ કરીને એનો સ્વાંગ લઈને, હું પોતે જ તમને સુખી કરવા, શાંતિ આપવા, તમારા જીવનકાર્યમાં મદદરૂપ બનવા, તમારી તપશ્ચર્યા, ભાવના તથા ભાવભક્તિને લક્ષમાં લઈને હું જ શ્વાસ લઉં છું. મારા સુનિશ્ચિત સમય પ્રમાણે***

***તમારી સેવા કરવા તમારા જીવનમાં પરમાનંદ ભરવા આવી પહોંચીશ. કાયમ માટે પ્રવેશીશ. એના રહસ્યની બીજા કોઈને માહિતી નથી.*** એટલે ૧૩મીનો દિવસ પર્વદિવસ છે. એ દિવસે મારા તમને અંતરના અંતરતમના અનંત આશીર્વાદ છે. મા તમને ખૂબ ખૂબ સુખી કરે, શાંતિ આપે, તમારા સઘળા મનોરથ પૂરા કરે. સનાતન સુખદ સ્વર્ગીય સહવાસ આપે. અને તમારા જીવનને ધન્ય કરે એજ ઇચ્છું છું. શિવનો સમાગમ સાધીને તમે આધ્યાત્મિક જીવનમાં સર્વોત્તમ શિખરોને સર કરો, ધન્ય બનો, યશસ્વી ઠરો અને જગતનાં ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક સ્ત્રી તથા પુરુષરત્નોમાં મહત્ત્વનું અગ્રગણ્ય સ્થાન પામીને બીજા અનેકને પ્રકાશ, પ્રેરણા, પથપ્રદર્શન ધરો એવું ઇચ્છું છું. ***તમારામાં એ માટેના બધા જ ગુણ, બધી જ યોગ્યતા છે તેથી એવું જરૂર થશે એ નક્કી છે. મને એમાં લેશ પણ શંકા નથી.***

માની કૃપાથી દક્ષિણની યાત્રાથી તમારું નવું જીવન શરૂ થયું છે. ***તમે તરી ગયાં છો ને બીજાને તારી શકશો. ભારતની પુણ્યભૂમિ પર તમારું પ્રાકટ્ય કાદવમાં કમળની પેઠે પવિત્ર છે.***

એ ભૂમિ પર આવીને વહેલી તકે તમને મળવા માંગુ છું.

**યોગેશ્વરજીના આશીર્વાદ.**

નોંધ :–(આ પત્રમાં પૂ.યોગેશ્વરજીએ ૩૧ વર્ષ પહેલાં પૂ.માશ્રી સર્વેશ્વરી અંગે જે આગાહી કરેલી, તે કેટલી બધી સાચી ને યથાર્થ છે! તે દર્શાવે છે કે પૂ.શ્રી સાચે જ એક આર્ષદૃષ્ટા મહાપુરુષ હતા. ઠાકુરે શ્રી નરેન્દ્ર વિષે જે આગાહી કરેલી, તે તેઓ સ્વામી વિવેકાનંદ બની અમેરિકા ગયા, ને વિશ્વ પરિષદમાં તેઓને જે રીતે સન્માન પ્રાપ્ત થયું, તે ઉપરથી યથાર્થ ઠર્યું. તેવું જ કંઇ આપણે પૂ. મા સર્વેશ્વરી વિષે અનુભવી રહ્યા છીએ.)

—તંત્રી

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૨ ફેબ્રુઆરી–૨૦૧૦ અંક ૫**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સોમવાર તા. ૨૨–૨–૮૨**

**સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપુરી, વડોદરા**

આજે મહા શિવરાત્રી. પૂ.શ્રી યોગેશ્વરજી નિયમિત સ્નાન કરી લે છે. નિયમિત વ્યાયામ કરી લેખનકાર્ય કરે છે. લેખનકાર્ય બાદ માળાથી જપ કરે છે.

સાડા અગિયાર વાગ્યે પૂ.શ્રી નિયમિત રીતે ભોજન લે છે, પણ આજે મહા શિવરાત્રી છે એટલે પૂ.શ્રીએ કહ્યું, ''આજે શિવરાત્રી છે, જેથી બાર વાગ્યા પછી ફળાહાર લઈશું.'' એથી સર્વેશ્વરી પોતાનાં બે સ્વેટર ધોવાનું કામ કરે છે. એટલીવારમાં તો બાર વાગી જાય છે. એટલે પૂ.શ્રી જીતુભાઈની દીકરી કલ્પુને કહે છે,

મા સ્વેટર ધોવા ગયાં છે બહાર ઊભાં રાખ ને ગાવા માંડ,

મંગલ મંદિર ખોલો,
ફરાળ લઈને ઊભો ભોળો.

ત્યાં તો સર્વેશ્વરી બહાર આવે છે. પછી પૂ.શ્રી સાથે બાફેલાં બટાકા, દૂધ, દહીં વગેરે લેવાનું બને છે. ફળાહાર બાદ મુલાકાત શરૂ થાય છે.

આજે વડોદરાના આર. વી. દેસાઈ રોડ ઉપરના મયૂર એપાર્ટમેન્ટનું બાળ પ્રાર્થનામંડળ પણ આવ્યું છે.

તે સૌએ પૂ.શ્રીની સૂચનાથી 'અધર્મ જ્યારે' સ્તુતિ ગાઈ સંભળાવી પછી એક નાનકડી છોકરીએ સૌને ''વરદ હસ્ત'' ગવડાવ્યું. તે દરમ્યાન બે છોકરીઓએ નોટના પૂંઠા પર ચળકાટવાળા અક્ષરોમાં મા અને બીજા પૂંઠા પર પ્રભુનું સુંદર અક્ષરલેખન સર્વેશ્વરીને આપે છે. સર્વેશ્વરી એ પૂ.શ્રીને આપે છે.

પૂ.શ્રીએ તેમાં રહેલી ભૂલ બતાવી. ત્યાં તો પૂ.શ્રીને એક્ષ–રે માટે બહાર જવાનું બન્યું. શ્રોતાઓએ બે ભજનો ગવડાવ્યાં. પછી શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ કર્યો, વળી એક ભજન ગવડાવી ''કળીમાંથી ફૂલ'' પુસ્તકમાંથી સર્વેશ્વરીની સૂચના મુજબ બે ત્રણ પ્રસંગો સૌને વાંચી સંભળાવે છે. ત્યાં તો પૂ.શ્રી આવી જાય છે.

પૂ.શ્રી આવ્યા ત્યારે મસૂરીના માનવરત્ન પ્રકરણ ''કળીમાંથી ફૂલ'' પુસ્તકમાંથી વંચાતું હતું. પૂ.શ્રીએ એના અનુસંધાનમાં મસૂરીના ગુરુજીની વાતો કરી.

પછી બે ભાઈઓએ પ્રશ્ન પૂછ્યા. જે નીચે મુજબ હતા.

પ્રશ્ન :–જ્યોતિશશાસ્ત્ર કર્મમાં બાધક બને છે?

પ્રશ્ન :–રામ અંશાવતાર ને કૃષ્ણ કેમ પૂર્ણાવતાર?



પ્રશ્નોત્તરી બાદ આજે એમ. એસ. યુનિ.ના સંસ્કૃત વિભાગના ઉપરી શ્રી જયંત ઠાકર આવ્યા છે. તેમને પૂ.શ્રીએ પોતાનાં ચારેક પુસ્તકો ભેટ આપ્યાં. વળી બિન્દુ નામના બાળગીતોના સંગ્રહમાંથી ચાર–પાંચ ગીતો ગાઈ સંભળાવ્યાં. સૌને આનંદ કરાવ્યો.

સૌ વિદાય થયા. પૂ.શ્રીએ આજે ત્રણ વાગ્યા સુધી પોતાનો સમય મુલાકાતીઓને આપ્યો. ત્યારબાદ આરામ કર્યો.

આજે પાદરા(વડોદરાથી આઠ કીલોમીટર) ગામમાં એક પ્રવચન ગોઠવાયું હતું. જેથી ત્યાં જવા માટે છ વાગ્યે ઉતરવાનું બન્યું. ત્યાં કપૂરાથી ત્રણ ભાઈઓ પૂ.શ્રીના દર્શને આવ્યા હતા.

પૂ.શ્રીએ થોડી વાતો કરી આવનાર ભાઈઓ પૈકી એક ભાઈનાં લગ્ન તાજેતરમાં થયાં હતાં તેને અને એકભાઈ પરદેશથી આવ્યા હતા તેને પણ પોતાનાં થોડાં પુસ્તકો ભેટ આપ્યાં. તેઓ વિદાય થયા.

પૂ.શ્રી સાથે પ્રવચન સ્થળે જવાનું બન્યું. પાદરા ગામમાં એક ઘરમાં રણછોડજીનું મંદિર છે. ત્યાં દર્શન માટે લઈ જવામાં આવ્યા. ત્યાં જ પ્રવચન બહાર ખુલ્લા ભાગમાં હતું.

મંચ ઉપર બે બેઠકો બનાવી હતી. મંદિરમાં પુષ્પાહારથી સ્વાગત થયું. મંચ ઉપર વિવિધ ભાઈ બેનો તરફથી પુષ્પાહારથી સ્વાગત થયું.

યોગેશ્વર સત્સંગ મંડળના પ્રમુખ શ્રીએ પૂ.શ્રીનો તથા સર્વેશ્વરીનો પરિચય આપ્યો. પ્રવચન શરૂ થયું. પ્રવચનબાદ સર્વેશ્વરીએ મૌન હોવા છતાં બે ભજનો ગવડાવ્યાં.

પ્રવચનબાદ પ્રણામ કરનારાઓની ભીડ જામી. ફરી મંદિરે જવાનું બન્યું ત્યાં પૂ.શ્રીએ થોડી પ્રશ્નોત્તરી કરી. માર્ગમાં આવતાં

મહાદેવના(અખિલેશ્વરના) અને ગણપતિના મંદિરે દર્શન માટે જવાનું બન્યું. ત્યાંથી વડોદરા આવતાં રાત્રે ૧૦:૧૫ મિનિટ થઈ. પૂ.શ્રીએ રાત્રે ફક્ત દૂધ લઈને આરામ કર્યો.

આજે સર્વેશ્વરીએ આખોય દિવસ મૌન રાખ્યું. આજે વિચારવામાં આવ્યું કે દર સોમવાર ને દર ગુરુવાર ને દર અગિયારશે મૌન રાખવામાં આવે તો ઘણો ઘણો લાભ થાય.

પૂ.શ્રીએ એ અંગે માર્ગદર્શન આપતાં કહ્યું, ''દર સોમવારે જ મૌન રાખો, અને દરરોજ રાત્રે જલ્દી સૂઈ જવાનો નિયમ રાખો.''

પૂ.શ્રીનું માર્ગદર્શન પણ સાચું છે. જોઈએ, ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થશે.

આજે મૌન દરમ્યાન એકંદરે ઘણી શાંતિ ને પ્રસન્નતા જણાઈ.

'મા' આવનારાંના મનને ખાલી થવા દે છે. કાળક્રમે એનું તળિયું દેખાશે. ત્યારે એ કંઈક અંગે સ્વચ્છ પણ થશે. પછી એમાં જે ઝીલાશે એ કૃપા હશે. **—મા**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**p કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ p**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# Van Vishram 2009

**Pratik Smart**

[Continued from Jan. 2010–page 15]

Interlaced with this occasion were times when a few devotees came down to meet "Maa" and seek her blessings on their birthdays. July 13–Dhansuk bhai, July 15–Ankit Bhai and July 18–Vikas Bhai. On all these birthdays "Maa" would be on a very intense topic telling us of the finer aspects of life and then suddenly she would burst out into laughter and acknowledge the devotees birthday. We would all sing the birthday song that has been penned by "Maa" and she would offer each one of these devotees blessings, flowers, sweets and nice words on her slate that showed her love for each one of them. Through this I saw her immense love for each satsangi. I could never fathom the magnitude of her grace and mercy but I could experience a part of it through such occasions that made me want bow down in front of her over and over again. I have read of "Stitha Pragnya" but it is a word very difficult to understand. When I have seen "Maa" through such days, I have come to realize the word. Her constant touch with divinity and the Supreme Lord makes her go through such good and bad days without really being worn down by any of it. In a way I see her attachment with all the things

around her but the fact that she sees it all through her divine eyes brings out the detachment in all her activities. In all this I have seen her attached to the Supreme Lord "Shri Hari". These were lessons for me that I wish I could imbibe into my life. At the same time I see my handicap at not being able to bring it into my life. All I could do was to pray to "Maa" that her grace and mercy fall upon me and help me overcome my spiritual obstacles.

For the "Van Vishram" we had both Bhajan and Bhojan served up on a platter. The day was mixed with ample servings of each of these for us. Each of us at the cottage had a set of Niyams that we wanted to practice every day and hopefully master it so that we could continue practicing it on our return. Getting up early, Pranams, Meditation, Silence (Maun), Reading, Chanting, Kirtan, Fasting, Long walks were some of the daily Niyams each one of us had taken. Along with this we were provided two sumptuous meals that made us feel like we were on a splendid vacation. We had two rounds of bhajan every day with percussions and cymbals included. Chanting the Bavanis and prayers set us on course for the day. In between such mellow surroundings "Maa" would step in and give us her darshan. There were several times when I would get frantic if I had not got "Maa's" darshan for the day. Just when my need would peak I would see "Maa" walk down the stairs into the main hall and give darshan. It would feel as if "Maa" was listening to our



prayers and also testing our level of anxiety. It was a sight that would free up all worries. She would ask one of us to read from the diary and bring out subtle truths of life about which we had never imagined. Her diary would start with "Shri Hari" and end with Pranams to Shri Hari. Through her writings she showed us ways to see God in everything. Everything around us, the trees, the lake, the house, the animals and insects, were all described as an extension of God. Through her vision we could see the total unity she had with everything around herself. The most captivating moments came when "Maa" would laugh out heartily. Such moments have been treasures from my trip for they remind me of her child like simplicity and extremely humorous traits that are seldom seen. This was a week where I had seen "Maa" at her humorous best although there were other more serious occasions that had kept us all in an intense mood for a fair amount of time. Her hilarious description of the human battle to drive out insects from "Maa's" room, with visual descriptions of "Sir Senapati" and his battalion, the insects who were more daring compared to their size, and the victory of the small over the strong and powerful were so humorously described that we laughed over it for several days. She would laugh seeing us jump on the tarmpoline or came up with 'one liner' on her slate that would just lighten the mood. So great were these moments with Maa that I had no clue of the date or time. I had lost grip of my

surroundings and remained entangled within such joyful exchanges during the course of my stay. Time was not a factor anymore and I felt even 24 hours were less for me to complete everything that I wished to do on a given day.

During this entire course "Maa" gave us several tips on improving ourselves and thereby taking a step forward in our Sadhna. Very simple thoughts that was extremely serisitive for the development of a spiritual aspirant. In her absence such noble thoughts were spread around by the satsangis. The many spiritual travelers I met at the cottage were all a great encouragement for newcomers like me. Satsang with them every day would bring out subtle points that, once imbibed into the system, could bring about subsequent "satvik" changes within one's Sadhna. Their "Bhaav" (Feelings) towards Maa were exemplary and stood out like a torch in the dark to guide any new comer to show them way one should feel towards their guru. Each satsangi had made themselves available to serve "Maa" and the fellow satsangis at ony given time. So adept were they with this mindset that everything around them was an opportunity to serve. So contagious was their behavior that even I started learning and anticipating things to do. I often found myself two steps behind all these good humans, in my actions that I met at the cottage. I would only think of getting into an act of service and



would realize by then that the task was completed. I was so spellbound with their reciprocation and interaction with "Maa" that I often found myself dumbfounded. I often prayed for such "Bhaav" and "Seva", hoping to gain such qualities with "Maa's" grace some day. I prayed that I be in the vicinity of such devotees so that their gentle behaviors and actions would touch upon me and melt my heart someday. Each of them would bring up a story of their own, their story of spiritual learning from "Maa" and "Prabhu". Each one of them had loads of such treasures. They would distribute it freely amongst everyone and feel pleased that such bounty was being served as "Prasad". Their lives and homes were now all synchronized with their lords "Maa–Prabhu". I had immense respect for their journey so far with "Maa–Prabhu" and felt ashamed at my own endeavors that I knew required some major overhaul. My stay here had now given me direction, new thoughts and loads of enthusiasm. These were to become my package to work from when I returned home.

"Maa's" divinity worked on the entire surrounding at the cottage. I felt each atom around was

spiritualized and each of these were directly working on us somehow. The time spent at the "Van Vishram" was "Satyug" for me. I spent several days introspecting and knowing what I wanted to do on my return. I prayed to "Maa" asking for her mercy and hoping that she would be with me on my return. I knew for sure that I wanted to live this feeling for ever and also wanted to share it with anyone else I met. It was a difficult task leaving "Maa" that last day. With a lot of love and blessings she let us float back into our lives. Three weeks later I still visualize "Maa", the satsang and the satsangis within me when I close my eyes. This occasion has truly become a celebration and I pray that this remains so forever.

જીવન એક મંચ છે. દરેક પોતાનો પાઠ ભજવી જતા રહે છે. —મા

આ દિવસો પણ ચાલ્યા જશે.
n સ્થાપત્ય કન્સ્ટ્રક્શન n
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# બાળયાત્રા(૩)

(ગતાંકથી આગળ) **સંકલનઃ—વિનોદિનીબહેન પટેલ**

**દેવર્ષિ ધોરણ—૧૧**

તા.૨૦/૧૦/૨૦૦૯ના દિવસે પ.પૂ.માએ રાત્રીની બેઠકમાં અમે સોળ બાળકો અને ત્રણ પિતા(સ્નેહલભાઈ, આશીષભાઈ, અશ્વીનભાઈ) ને ભવ્યરીતે વિદાઈ આપી. આ યાત્રા શ્રી મધુભાઈના સ્મરણાર્થે યોજવામાં આવી હતી. તે પૂ.મા દ્વારા સૌ ભક્તજનોને જણાવવામાં આવ્યું. દરેકબાળકની યાત્રા શુભ થાય તે માટે શ્રી આનંદભાઈએ દરેકબાળકને તિલક કર્યું અને શ્રી નીલાબેને પુષ્પગુચ્છ આપ્યો. આ યાત્રામાં દરેક સ્થળ જોવાની ખૂબ મજા આવી પણ હું તમને અહીં ઋષિકેશ વિશેની વાત કરીશ.

સૌ પ્રથમ અમે શિવાનંદ આશ્રમના દર્શન કર્યા જ્યાં આપણા પૂ.શ્રી ગુરુદેવને ખૂબ જ સરસ અનુભવ થયો હતો. વળી ઋષિકેશમાં અમારી સાથે આવેલ સ્નેહલભાઈ વિગેરે દ્વીધામાં હતા કે બોટિંગ કરાવવું કે નહિ. ગંગા સ્નાન પણ, ત્યાંજ પૂ.માનો ફોન આવ્યો અને તેમની દ્વીધા શમી ગઈ. વળી રામચંદ્રજીએ અને લક્ષ્મણજીએ આ સ્થાનમાં તપ કર્યું હતું. જેથી 'રામ ઝૂલા' અને 'લક્ષ્મણ ઝૂલા' બે પૂલ ગંગાનદી ઉપર છે. લક્ષ્મણ ઝૂલા લોખંડના દોરડાથી ખેંચીને ૮૫૦ ફૂટ લાંબો અને પાણીથી ૭૦ ફૂટ ઊંચો પૂલ છે. આ પૂલ જોઈ મને ખૂબ આશ્ચર્ય થયું. વળી આ યાત્રાનો મારો એક અનુભવ કહું તો મસૂરીમાં

'રોપવે'માં બેસવાનો મને ખૂબ ડર લાગતો હતો પણ પૂ.મા પ્રભુ એ જ મને શક્તિ આપી અને હું રોપ–વેમાં બેસી શક્યો. વળી Rock Climbing પણ કર્યું હતું.

આ યાત્રામાં પરમ પૂજ્ય મા એ લગભગ ૪૦–૪૫ ફોન કરી અમારા ઉપર આશીર્વાદની વર્ષા વરસાવી હતી.

**આકાશ**

પ.પૂ.માની કૃપાથી મને હરિદ્વાર યાત્રાનો લાભ મળ્યો, જેથી મને ખૂબખૂબ આનંદ થયો. પ.પૂ.શ્રી ગુરુદેવે જે જે પવિત્ર સ્થળોએ સાધના કરી હતી, તે સ્થળોની અમે મુલાકાત લીધી હતી. ઋષિકેશમાં અમે દેવકીબાઇની ધર્મશાળા જોવા ગયા હતા. ત્યાં પૂ.શ્રી મહાત્માજીએ જે ખંડમાં સાધના કરી હતી તે જોયો. તે ખૂબ નાનો ખંડ છે. વળી ત્યાં પ્રભુ જે ખૂણામાં ખીચડી બનાવતા અને જે પાટિયા પર સૂઇ જતા તે પણ જોયું. વળી જે કૂવા પરથી પ્રભુ પાણી લઇ આવતા તે કૂવો પણ જોયો. અને મને સૌથી આનંદ અને ગૌરવ ત્યારે થયું કે હજુ પણ તે ખંડમાં પૂ.મા.પ્રભુનાં સ્વરૂપ રાખવામાં આવ્યાં છે.

વળી ચંદ્રવદની દેવીના સ્થાનેથી સૌ પ્રથમ વખત જ હિમ આચ્છાદિત હિમાલયનાં દર્શન કર્યા તે જોતાં ખૂબ રોમાંચ અનુભવ્યો. મા તારા ચરણે કોટિકોટિ પ્રણામ.

**નરેશ એસ વાઘાવાણી**

પૂ.મા સર્વેશ્વરીની કૃપાથી ખૂબ મોજ મસ્તી કરતાં અમે હરિદ્વારની યાત્રા કરી. હું અમારા બધાનું એટલું નસીબ માનું છું કે અમે આટલી નાની ઉંમરે પૂ.શ્રી પ્રભુએ જ્યાં 'જગદંબા'ના



દર્શન કર્યા હતાં તે સ્થળ શાંતાશ્રમ–દેવપ્રયાગના દર્શન કર્યા.

વળી મને મસૂરીની સરસ્વતી શિશુ વિદ્યામંદિરમાં પૂ.માની પ્રેરણાથી જે પ્રસાદ આપવામાં આવ્યો, તે ગમ્યું અને જાણવા મળ્યું કે પૂ.શ્રીના કેવા સહયોગથી આ શાળા બંધાઇ. વળી પૂ.શ્રી જ્યાં પ્રવચન કરતા હતા તે હોલ પણ જોયો. આ નજરાણું મને જીંદગીભર યાદ રહેશે. વળી જે દિવસે હરિદ્વાર પહોંચ્યા તે દિવસે ગંગા નદીની સફાઇને લીધે ગંગાજી ન હતા પણ જ્યારે પાછા વળવાનો દિવસ આવ્યો ત્યારે સાક્ષાત શ્રી ગંગાજી પધાર્યાં હતાં, તેના દર્શન અને સ્નાનનો ખૂબ લાભ મળ્યો હતો. પૂ.માના ચરણે કોટિકોટિ પ્રણામ.

**નૈતિક**

યાત્રા કરવી એ જીવન માટે ખૂબ મહત્ત્વનું છે. આપણા પૂ.મા એ લાભ આપણને આપે છે. પૂ.મા શ્રી સૌ બાળકોને પૂ.શ્રી પ્રભુનાં સાધના સ્થળોએ લઇ જવા માંગે છે. અમારા પર ફોન આવ્યો. અને હું ખૂબ ખુશ થઇ ગયો. પૂ.માનો મેં ખૂબ ખૂબ આભાર માન્યો. મને આ યાત્રામાં ખૂબ મજા આવી. જય કૃપાળું મા.

**સ્નેહલભાઇ(વડોદરા)**

પરમપૂજ્ય માના આશીર્વાદથી સ્વર્ગારોહણથી ગંગાજી તેમજ પરમપૂજ્ય શ્રી ગુરુદેવના સાધના સ્થળોની યાત્રાની આયોજનની જવાબદારી પૂ.માએ સોંપી. હું તો ધમાલી અને પૂજન વિધિ જાણું. શિક્ષક નહીં વળી ૧૬ બાળકોને લઇને જવાનું હતું તે કાર્ય ખરેખર મારા માટે અઘરું હતું. પરંતુ

પૂ.માના આશીર્વાદ હતા તેથી તે જવાબદારી માથે લીધી. આબુરોડ સ્ટેશન પર જે બાળકના પિતા હતા તેમણે અરજી કરી કે મારા બાળકને સાચવજે તારા રથીની જેમ. ત્યારે મેં કહ્યું આજે મારે ૧૬રથીના પિતા બનવાનું છે, ચિંતા કરશો નહિ. યાત્રાનો પ્રારંભ થયો. પરમપૂજ્ય માના સતત આર્શીવચનોથી હું કાર્યભાર સંભાળી શક્યો. ના તો મારે કોઇને વઢવું પડ્યું, કે ના કોઇ બાળક ખોવાઇ ગયું, કે ના કોઇ બાળકને વાગ્યું, કે ના કોઇ બાળકને તાવ આવ્યો. સતત એક પિતાની જેમ દરેક સ્થળે બાળકોને તે સ્થળની માહિતી આપી તેમજ પ.પૂ.ગુરુદેવે જે તે સ્થળોએ કેવી રીતે, કેવા કપરા સંજોગોમાં સાધના કરી હતી તેનો ઇતિહાસ કહ્યો.

આ યાત્રામાં મને બાળકોની નિર્દોષતા સ્પર્શી ગઇ અને આપણે દ્વેષ ના રાખવો જોઇએ તે શીખવા મળ્યું.

વળી આ યાત્રામાં મધુકાકાને તો કેમ ભૂલાય? એટલે અમે દરરોજ ૧૧ પ્રણામ નિત્યક્રમના, ૧૧ પ્રણામ પ.પૂ.માને થેન્ક્યુના, ૧૧ પ્રણામ મધુકાકાના પરિવારના કલ્યાણ અર્થે કરતા. ખરેખર હું હૃદયપૂર્વક કહું છું કે, 'જે યાત્રા કરાવે તે 'મા', જેણે જીવન આપ્યું છે તે 'મા', જે જીવન ચલાવે છે તે 'મા', મારા જે ભગવાન છે તે 'મા' માના ચરણે કોટિ કોટિ પ્રણામ.'

**વિશેષ નોંધ :—**

૧. આ યાત્રામાં બાળકો માતાપિતા વગર ગયાં હતાં.

૨. આ યાત્રામાં બાળકોને રાત્રે ફરજીયાત સૂવાનું રહેતું



જેથી પૂરતો આરામ મળે. ભાગમદોટની યાત્રા ન હતી.

૩. આ ટૂર કે પ્રવાસ ન હતો. યાત્રા હતી કારણ કે બાળકો નિયમિત પ્રણામ, જપ, પ્રાર્થના અને ધૂન કરતા હતા. વળી આ યાત્રાથી બાળકોમાં ભગવાન પર વિશ્વાસ રાખવો, પ્રાર્થના કરવી, પ્રાર્થના સંભળાય છે તે બીજ રોપાયાં છે.

૪. આ યાત્રા વાલી પર બોજારૂપ ન હતી, કારણ દરેક બાળકનો યાત્રાખર્ચ શ્રી મધુભાઇ પરિવાર તરફથી અપાયો.

૫. આ યાત્રામાં કોઇ બાળકનો વાળ વાંકો ના થયો. યાત્રા તો જોખમી હતી. ગંગા નદીનો ધસમસતો પ્રવાહ તેમાં સ્નાન અને વાંકાચૂકા પર્વતીય સ્થળોનો પ્રવાસ હતો. અહીં સદ્દગુરુદેવના પૂર્ણ આર્શીવાદની વર્ષા હતી.

૬. કોઇ બાળકને Home Sickness ના લાગી.

૭. કોઇ માતાપિતાને બાળકોને જરૂરી ચીજવસ્તુ આપવાની, ટીકીટબુક કરાવવાની, એમ્બેસેડરકાર ભાડે કરવાની કે રૂમ કે હોટલ બુક કરાવવાની જફા જ ન હતી.

૮. આ યાત્રામાં ફક્ત બાળકો જ હતા. જેથી સરખુ age group મળી રહ્યું હતું.

૯. આ યાત્રામાં પ.પૂ.માના આર્શીવચનોની સતત વર્ષા વરસતી હતી.

૧૦. ખૂબ જ નાની ઉંમરના બાળકોને ગંગાસ્નાન, દેવપ્રયાગ—શાંતાશ્રમ દર્શન અને હિમાલય દર્શનનો લહાવો મળ્યો છે.

૧૧. સોળ બાળકોએ જે યાત્રા નોંધ લખી છે તે ખૂબ જ

સરસ રીતે યાત્રાનું વર્ણન કર્યું છે. દરેક બાળકની નોંધ વ્યક્તિગત છે.

શુકનની નોંધ તો સંપૂર્ણ અને સ્વચ્છ અક્ષરમાં છે તેણે દરેક સ્થાનની નોંધ ખૂબ ઝીણવટ પૂર્વક કરી છે.

આ નોંધમાં બાળકોને મા પ્રભુના અનુભવ અથવા સતત તેમની સાથે જ છે તેવું જણાયું છે.

દેવર્ષિની નોંધ પણ ઘણી સુંદર છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા પૂજન તેમજ આદિત્યે પણ પોતાના ભાવો સુંદર રીતે રજૂ કર્યાં છે.

સંત માતા બનીને સાધકોને વિશ્રામ આપતાં લાડ લડાવે છે. —મા

a સંદીપ વેલ્ડીંગ વર્ક્સ a
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# પૂ.શ્રીમાની સંનિધિકેરા સાગરનાં હરિરસમાં સ્નાન

ડૉ. બી. જે જાગાણી

પૂ.શ્રીમાની સંનિધિ માણવા વિદેશથી ઘણાં નાનાં નાનાં બાળકો, યુવાનો ને ગૃહસ્થીઓ સ્વર્ગારોહણ, અંબાજીમાં ડીસેમ્બર ૨૦૦૯નાં છેલ્લા અઠવાડિયામાં આવેલાં. સત્કર્મના નિમિત્તે હેઠળ આટલી મોટી સંખ્યામાં ને આટલા લાંબા સમયગાળા માટે પહેલી વખત વિદેશથી બાળકો, યુવાનો ને ગૃહસ્થીઓ પધાર્યાં છે. અહીં આવવાનું મુખ્ય કારણ પૂ.શ્રીમાની પ્રેરણા ને વિદેશમાં પૂ.શ્રીમાની યાત્રાઓ, સત્સંગ ને બાળકોએ કરેલા સત્સંગનું પરિણામ જ હતાં. પૂ.શ્રીમાની સંનિધિ, દર્શન ને પ્રેરણા કોને ના ગમે! બાળકો સાથે બાળક જેવાં, યુવકો સાથે યુવકો જેવાં, ગૃહસ્થીઓ સાથે, વૃદ્ધા સાથે ને માર્ગદર્શક, ગુરુ, સખા, શિક્ષક, માતા, પિતા, સહાયક, ઉદ્ધારક, પ્રેરક, પોષક, મનોચિકિત્સક, અરે ભગવાન સમા માના વિવિધ આયામી સ્વભાવને કારણે, સૌ પોતાની જાતને ખાસ(special) માનવાને મનાવવા જ ઉત્સુક હોય છે, એટલે તો સૌ સંનિધિ ઝંખે છે. વળી પૂ.શ્રીમાની સ્લેટ પર તે તે વિશેષતાઓને બહાર લાવવા જે કંઇ લખાય છે તે બધું પ્રેરણાનું ભાથું બને છે, બોધ બને છે, સત્ય થઈને ઠરે છે ને તેના જીવનમાં પથરાઈ જાય છે. એ બોધ, કથન કે સ્લેટની શબ્દ સંનિધિ એ જીવનની મૂડી બની જાય છે. એ મૂડી, ભાથું કે સંપત્તિ પૂ.શ્રીમાએ જે જે વિશેષતાઓ માટે સ્લેટ પર લખી તે સૌને વહેંચવી જોઈએ ને સચવાવી

જોઇએ. માટે જ લેખ સ્વરૂપે અહીં એ મૂકીને પ્રસ્તુત કરી છે.

તા. ૨૫–૧૨–૦૯ના રોજ હેમાલી–ઉજ્જવલે આર્થિક સહયોગ આપી સત્કર્મ કર્યું છે. શાળાઓના બાળકોને ઉપયોગી એવી વસ્તુઓ આપવા જ છેક અમેરિકાથી ભારત આવ્યા છે. સત્કર્મની શરૂઆતમાં જ શ્રી રાજુભાઇ જાની જણાવે છે કે સ્વર્ગારોહણમાં હેમાલી–ઉજ્જલ ૨૦૦૫થી નિયમિત આવે છે. શ્રી ગજેન્દ્રભાઇ ને જ્યોતિબહેનનાં બાળકો છે. હેમાલીબહેને ફિઝિયોથેરાપીનું સ્નાતક કક્ષાનું શિક્ષણકાર્ય પૂર્ણ કર્યું છે જ્યારે ઉજ્જલભાઇએ સવિલ એંજિનીયરિંગનું સ્નાતક કક્ષાનું શિક્ષણ પૂર્ણ કર્યું છે. બંને જોબ કરતાં જાય છે. એમાંથી જે કંઇ આવક થાય તેમાંથી બચાવીને સત્કર્મમાં વાપરે છે. આ ઉમદાકાર્યને સૌ નવમંત્રગાનથી વધાવે છે. પૂ. શ્રીમા સ્લેટ પર લખે છે.

હેમાલી ને ઉજ્જ્વલ વિદેશનાં બાળકો નથી એ તો સ્વર્ગારોહણનાં બાળકો છે. ઉજ્જવલ તો આ નવાં ભવનનાં નિર્માણમાં અનીશ(કોન્ટ્રાક્ટર)ના માણસ તરીકે કામ કરતો હતો. બંને બાળકો સ્વર્ગારોહણમાં બાળકો સાથે ભળી ગયા છે. કોઇ એવું માને જ નહીં કે તે વિદેશનાં બાળકો છે.

જ્યોત સે જ્યોત જલે એમ હેમાલી ઘણી બહેનપણીઓને સ્વર્ગારોહણની વાતો કરે. અનેકને જોડતી કડી બનીને સ્વર્ગા-રોહણના દૂત તરીકે કામ કરી રહી છે. બધાંને ફોન–ઇ–મેલ થી ગોપી–ગાર્ગી જગાડતાં રહે છે.

હેમાલીબેનને તો ગયા વરસે અહીં કમળાની માંદગીની પ્રસાદી પણ મળી હતી, છતાં ડરી નથી ગયાં. પાછાં હાજર થઇ ગયાં છે. એક વિશેષતા એ છે કે મા સ્વર્ગારોહણમાં ન હોય તો પણ અહીં એકલાં રહેવું એને ગમે છે.



આ બાળકો માટે એના માતા–પિતા એવું માને છે કે આ બાળકો અમારા ગુરુ છે. બાળકોને પૂજ્યભાવે જુએ છે. આ બાળકો સાથે બંને માતા–પિતા પણ સ્વર્ગારોહણ આવ્યાં છે. કેવો સરસ ભાવ! મફત ટિકિટ થોડી મળે છે? બાળકો માટે આવો અહોભાવ, પૂજ્યભાવ કોઇક જ માતા–પિતા રાખી શકે.

હેમાલીબેન પોતાનો પ્રતિભાવ આપે છે ‘સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જે સારું છે તે બધું ગુરુનું છે ને ખરાબ છે તે પોતાનું છે. અમારામાં પણ જે બધું સારું છે તે પૂ. શ્રીમનું છે. મા જ સારું સારું શીખવે છે. સ્વર્ગારોહણમાં આવવું ખૂબ જ ગમે છે. અહીં તેમનો ને ભક્તોનો પ્રેમ મળે છે. સ્વર્ગારોહણ જેવું વાતાવરણ દુનિયામાં મેં નથી જોયું. પૂ. શ્રી માએ સ્વર્ગારોહણનો વિકાસ ખૂબ કર્યો છે. માએ જે જીવી બતાવ્યું છે તે જીવનમાં ઉતારવાનું છે. નવી દૃષ્ટિ જાગે છે. મા કહે તે હું જીવનમાં ઉતારું એવી પ્રાર્થના.’

પૂ. શ્રી મા હેમાલીના પ્રતિભાવ પછી સ્લેટ પર લખે છે. ‘આટલું સરસ ગુજરાતી સ્વર્ગારોહણમાં આવીને શીખી છે. દૃષ્ટિ, વાતાવરણ જેવાં શબ્દો સ્વર્ગારોહણના ગ્રહણ કર્યા છે. હેમાલીના દાદા શ્રી ગોવિંદભાઇ આઝાદીની લડતના સ્વાતંત્ર્ય સેનાની છે, જેલમાં પણ જઇ આવ્યા છે. આદર્શ શિક્ષક તરીકેનું કાર્ય પણ તેમણે કર્યું છે. અમે અમેરિકામાં ૧૫ મી ઓગષ્ટ ૨૦૦૯ નું ધ્વજવંદન શ્રી ગોવિંદભાઇ પાસે કરાવેલું. એ પરિવારનાં બાળકો પણ એવાં જ હોય ને! મોરના ઇંડા ચિતરવા ન પડે.’

પૂ. શ્રી માની આજ્ઞાથી ઉજ્જ્વલ પણ બોલે છે. ‘પહેલી વાત એ કે આ સત્કર્મની તક આપી એટલે પૂ. શ્રી માનો આભાર. પૂ.

શ્રી મા આ સત્કર્મની તૈયારીમાં ખૂબ કામ કરે છે. આ સત્કર્મ પૂ. શ્રી મા વિના શક્ય નથી બનતું. પ્રભુએ તપ કરીને પૂ. શ્રી માને પ્રગટાવ્યાં છે. એની સામે આપણું આ કાર્ય કંઇ ન કહેવાય. અમેરિકા સંતો ઘણા આવે. પધરામણી કરે. વિદાય લે ત્યારે પૈસા આપવાના. પૂ. શ્રી માને મળ્યા ત્યારે જુદું જ લાગ્યું. મારા જીવનમાં પૂ. શ્રી માએ પ્રેમ આપવાનો જાદુ કર્યો છે. પૂ. શ્રી માએ મારા ચિત્તનું કોમ્પ્યુટર રી–સ્ટાર્ટ કરી આપ્યું છે. કોમ્પ્યુટરમાં જે માઇક્રોચીપ્સ હોય છે તે મારા જીવનરૂપી કોમ્પ્યુટરમાં માએ પ્રણામ, બાવની, પ્રાર્થના, ભજનની માઇક્રોચીપ્સ ફીટ કરી દીધી છે. જીવન જીવવાની કળા શીખવી છે. બધામાં પ્રભુ છે તે જોવાનું માએ શીખવ્યું છે. બધામાં સારું ને સારું જોવાનું શીખવ્યું છે.'

પૂ. શ્રી મા સ્લેટ પર લખે છે, 'હેમાલી–ઉજ્જ્વલ બંને ખૂબ ડાહ્યાં ને સંસ્કારી બાળકો છે. હેમાલી તો અહીં કાયમ પીરસવાનું કામ પણ કરે છે.' પૂ. શ્રી મા તો બેઠક પર જ છે. સૌને દર્શન આપીને તૃપ્ત કરે છે.

તા. ૨૬–૧૨–૦૯ નો દિવસ છે. સત્કર્મની સામગ્રી ટેબલ પર ગોઠવાઇ ગઇ છે. મધુર સંગીત વાગી રહ્યું છે. કેનેડાથી આવેલા સહયોગીઓ શ્રી સુરેશભાઇ–શ્રીમતી વિમળાબેન છે અને ગુલાબવાડીના બાળકો (શ્રી સુરેશભાઇ, ભાવનાબેન–ભદ્રેશભાઇ, તેજન, નિશા તેજલ) લોસ એંજલિસથી આવ્યાં છે. શ્રી સુરેશભાઇ શાહને પૂ. શ્રી મા સત્કર્મની શરૂઆતમાં બોલવા આજ્ઞા કરે છે. સારભાગ આ મુજબ છે.

- પૂ. શ્રી માની હાજરીથી સોનામાં સુગંધ ભળે છે. પૂ. માએ કહેલું કે સત્કર્મો કરવા માટે આપણે ઋણી છીએ. આપણા માટે શાળા, કોલેજ, રસ્તાઓ કોઇએ બંધાવ્યા છે. તો આપણે પણ એવાં સત્કર્મો કરવાં જોઇએ.



- અમે તો સત્કર્મ માટે લક્ષ્મીજી આપીએ છીએ પણ સત્કર્મો માટે પૂ. શ્રી માને ઘણો શ્રમ પડે છે.
- પૂ. શ્રી મા કરુણામયી છે, સૌને આકર્ષે છે, સૌની પ્રેરણા બન્યાં છે, મહાન વ્યક્તિત્વ ધરાવે છે, સર્વગુણ સંપન્ન છે અને જંગમ વિશ્વવિદ્યાલયનું કામ પૂ. શ્રી કરી રહ્યાં છે.
- પૂ. શ્રી મા સ્લેટ પર જે કંઇ લખે છે તે સાચું જ થઇને રહે છે.
- પૂ. શ્રી મા આપણાં મનની કક્ષાએ આવીને સમજાવે છે. અધ્યાત્મ ને વિકાસની ટોચ પર પૂ. શ્રી મા બેઠેલાં છે. આપણી પ્રગતિ કરાવવા આપણાં જેવાં થઇને શીખવે છે.
- વિદેશમાં પૂ. શ્રી મા નવી પેઢીને પ્રભુપંથે દોરવાં ઘડી રહ્યાં છે.
- પૂ. શ્રી મા આગ્રહ રાખે છે કે આજનું કામ આજે જ કરો.
- પૂ. શ્રી મા માત્ર સંત નથી, પણ નિયામક, વ્યાખ્યાતા, વિશ્લેષક, વૈજ્ઞાનિક સંગીતજ્ઞ, દિગ્દર્શક છે. પૂ. માને શિસ્ત ખૂબ પ્રિય છે.
- આપણે સૌ નસીબદાર છીએ કે પૂ. શ્રી મા જેવા સમર્થ સદ્‌ગુરુ મળ્યાં છે. તે પણ આપણી કોઇ પણ પ્રકારની સાધના વિના પૂ. શ્રી મા ગંગાજીનાં દર્શન કરવા જાય છે. પણ આપણી વચ્ચે પૂ. શ્રી મા જ ગંગાજીનું સ્વરૂપ ધારણ કરીને પધાર્યાં છે. પૂ. શ્રી માની સંનિધિના જળમાં જેટલું સ્નાન કરવું હોય તેટલું કરીને આત્માની તૃપ્તિ કરી લઇએ.

શ્રી સુરેશભાઈ વિશે પૂ. શ્રી મા સ્લેટ પર સૌને પુલકિત કરે છે. 'શ્રી સુરેશકાકા કેનેડાના યુવાન બાળકોને ખૂબ સરસ રીતે અંગ્રેજીમાં મિત્ર બનીને, લગ્ન, અભ્યાસ વગેરે વિશે સમજાવે છે. અંગ્રેજી પરનો કાબૂ ખૂબ સારો છે. માને કેનેડામાં ખૂબ સરસ રીતે સાચવે છે. પૂ. શ્રીની વિદાય પછી માને વિદેશ જવું જ ન હતું. શ્રી સુરેશભાઈનો વારંવારનો આગ્રહ હતો. મા એક વાર તો આવો. ઘેર બેસીને ભજન ગાઈશું. પણ આવો. ૧૯૮૮ માં માને કેનેડા જવાનું થયું. અને પછી તો માને દર વર્ષે વિદેશ જવાનું થયું. સુરેશભાઈ એક નિષ્ઠાથી સત્સંગ કેન્દ્ર છેલ્લા ૨૫ વર્ષથી ચલાવે છે. જેનો વારો હોય તેના ઘેર મહિને એક વાર સત્સંગ હોય છે. ભરશિયાળામાં પણ એ નિયમ ના તૂટે. લગ્ન, મરણ, માંદગીમાં પણ નિયમ ના તૂટે. પૂ. શ્રીએ એમને એક જ વાક્યના આશીર્વાદ, જ્યારે એમને પેલી વાર કેનેડા જવાનું હતું ત્યારે, આપી દીધા.' 'તું જા હું આવું છું.' અને આજે એ આશીર્વાદ જીવંત બનીને સૌ અનુભવી રહ્યા છે.

આટલી ઉંમરે પણ સત્સંગમાં કદી ગેરહાજર નથી રહ્યા. અહીં આવ્યા છે, તો સત્સંગની ગોઠવણ કરીને આવ્યા છે. આખો દિવસ વિવિધ પુસ્તકોનું વાંચન અને મંત્ર જપની સાધના કરે છે. પૂ. શ્રી 'મા'માં એક જ સરખી શ્રદ્ધા છે. વિદેશ આવતાં બીજા સંતોને ઉતારવાના આમંત્રણ એમની પાસે આવે છે. પણ ખૂબ તટસ્થ ને વિવેકી છે. એટલે બીજાઓમાં ફસાયા નથી. પૂ. 'મા'માં અનન્ય શ્રદ્ધા ટકી ગઈ એ પણ કૃપા છે. ગુલાબવાડીના બાળકોએ આજે સત્કર્મમાં સહયોગ ધર્યો છે એટલે ભાવનાબેન પણ પૂ. શ્રી માની આજ્ઞાથી પોતાનો ભાવ વ્યક્ત કરે છે. 'પૂ. શ્રી મા વિદેશમાં આવીને બાળકોમાં સંસ્કાર સીંચે છે. ફૂલ સમાં



બાળકોને ખીલવાની તક આપે છે ને અધ્યાત્મ જગતના દિવ્ય જળથી સીંચે છે. ભારતમાં મા ખૂબ કામ કરે છે. બાળકોને વિકસાવે છે, પોષણ આપે છે ને સત્કર્મો કરવા પ્રેરણા આપે છે. આ બધા સત્કર્મોની પાછળ મા ઊભાં છે એટલે શક્ય બને છે.'

કેનેડાથી સત્કર્મ માટે પધારેલાં શ્રીમતી વિમળાબેન શાહને પૂ. શ્રી મા બોલવા કહે છે. વિમળાબેન ભાવો વ્યક્ત કરતાં કહે છે. 'પૂ. શ્રી માનો પ્રેમ આપણને અહીં ખેંચી લાવે છે. ટોરન્ટોમાં પૂ. શ્રી મા પધારે છે ત્યારે પોતાની જનેતા જે સંસ્કારો આપે તેનાં કરતાં વધારે મા સંસ્કાર આપે છે. બાળકો પણ પૂ. શ્રી માની આજ્ઞાનું પાલન સરસ રીતે કરે છે. વિદેશમાં રહેતાં આ બાળકોને પૂ. શ્રી માની કૃપાથી ખાવાનાં પીવાનાં, રાત્રે ઘેર મોડા આવવાનાં દૂષણો નથી લાગ્યાં. બાળકોને જપ, વાંચન, સત્સંગ કરાવે છે. શિબિરો યોજીને બાળકોમાં સંસ્કારો સીંચે છે.'

પૂ. શ્રી મા શ્રીમતી વિમળાબેન વિશે સ્લેટ પર લખે છે, 'એક લાખ પ્રણામ કરનાર વિરાંગના વિમળાબેનને ઘરના બધા જ વઢે છતાં છાનામાનાં પ્રણામ કરે છે. શ્રીમતી વિમળાબેન— સુરેશભાઈ દંપત્તિને જાણે પ્રભુએ એક મિશન સોંપ્યું છે કે જાઓ કેનેડા ને સત્સંગની ધૂણી ધખાઓ. ૨૭—૨૮ વર્ષથી સત્સંગની ગાડી અતિનિયમિત રીતે ચલાવે છે. નવાઈની વાત એ છે કે ગાડીની દિશા વિમળાબેન આપે છે. માના ઓરડામાં ૨૪ કલાક થતાં કાર્યોના સાક્ષી છે. કેનેડામાં માના પ્રત્યેક શ્વાસનાં સાક્ષી છે. આટલી ઉંમરે પણ માના રૂમની લાઈટ બંધ થાય પછી જ સૂવાનું એવો નિયમ પાળે છે. અહીં તો ત્રણ—ચાર બેનો હોય છે. ત્યાં વિમળાબેન જ હોય છે. છતાં વિમળાબેન મોડી રાત સુધી માના દરેક કામમાં સહાયક થતાં રહે છે. એટલે અમને ત્યાં ઘર જેવું

જ લાગે છે. આટલો પ્રેમ મા પર વરસાવી રહ્યાં છે. ઉંમરને લીધે વિમળાબેન ભારત આવતાં થોડાં ડરે છે. આ વખતે હિંમત કરીને ભારત પધાર્યાં છે તો સત્કર્મ કરી શક્યાં. આપણે ઇચ્છીએ કે બંનેનું આરોગ્ય સારું રહે. લાંબું જીવન બન્નેને મળે.'

પૂ. શ્રી મા સ્લેટ પર હવે ગુલાબવાડીના બાળકો નિશા, તેજલ, સુરેશભાઈને બોલવા પ્રેરણા કરે છે. ''આપણા આ યુવાન સુરેશભાઈ મહર્ષિ અરવિંદ–માતાજીના ભક્ત છે. ધ્યાન સાધનામાં ઘણી સારી પ્રગતિ કરી રહ્યા છે. એમણે આજે સત્કર્મ દરમિયાન એક વાત માને કરી. દર વર્ષે એક કેમ્પ અમારા પરિવાર તરફથી કરો. એમાં અમે એક વ્યક્તિ ચોક્કસ આવીશું પણ તે કેમ્પનું બધું આયોજન નાનાં બાળકોના હાથે કરો. કેવી સરસ ભાવના સુરેશભાઈએ કરી મા પાસે.''

હવે શ્રી સુરેશભાઈ ભક્ત પોતાનો ભાવ વહાવીને જણાવે છે કે પૂ. શ્રી મા દર વર્ષે લોસ એંજલિસ પધારે છે. પ્રાર્થનાઓ કરાવે છે. મન અંતરમાં તે ઉતરી જાય છે. સંગીતમાં પણ પ્રોત્સાહન આપે છે. હે મા! તમે અમારા અંતરમાં ઊંડા ઉતરી જજો. બીજે જઈએ ત્યાંથી પાછા આપની પાસે જ આવીએ, કારણ કે અમે માનાં બાળકો છીએ.

નિશાને પૂ. શ્રી મા પોતાનો ભાવ વ્યક્ત કરવા જણાવે છે ને નિશા ''સબસે ઊંચી પ્રેમ સગાઈ'' પોતાના સૂરીલા કંઠે ગાય છે. આ પદ ગવાય છે ત્યારે સૌને લાગે છે કે સ્વર્ગમાંથી પૂ. મા સૌ ભક્તોને દિવ્ય સૂર સંભળાવવા જ જાણે નિશાને લાવ્યાં છે. સૌ મંત્રમુગ્ધ બને છે. નિશાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કેઃ–

- હું ગુલાબવાડીનું ફૂલ છું. મારા દાદી ગુલાબબેન છે. સૂર્ય સમાં પૂ. માની કૃપાથી ગુલાબ ખીલ્યું છે. નાટક કરવાના



વિચારો મા જ પ્રેરે છે. પૂ. શ્રી માએ મને સંગીતમાં પ્રગતિ કરાવી છે. મુંબઈમાં સંગીત શીખવાની વ્યવસ્થા પૂ. શ્રી માએ મધુભાઈ–નીલાબેનને ઘેર કરાવી. પૂ. મા મને રોજ સ્લેટમાં લખીને પૂછે કે કેટલું શીખી? વળી શુદ્ધ ગુજરાતી વાક્યો પણ શીખવે.
- હું માની ખાસ (Special) છું એવું સતત લાગે. મા સાથે ખાસ સંબંધ છે એવો અનુભવ સતત થયા કરે છે. 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' ભજન ગાયું ત્યારથી મા સાથે પ્રેમ સંબંધ બંધાઈ ગયો છે. મા મારા ગુરુ નથી પણ મિત્ર બનીને આવેલાં છે.
- સ્કૂલે જતી ત્યારે પ્રશ્નો માને લખતી ને મા ઉકેલી દેતાં. હે મા! એટલી પ્રાર્થના કે આપના શ્રી ચરણે રાખો ને જીવન જીવવા જેવું બનાવો.

પૂ. શ્રી મા નિશાને ખૂબ ખૂબ ધન્યવાદ આપે છે ને ગુજરાતી ભાષામાં બોલવા માટે પ્રેરણા આપે છે. નિશાબેનનો મધુર કંઠ ને મધુર ભાષા સૌને ખૂબ ગમી ગયાં.

વિદેશમાં વસતાં નાનાં નાનાં બાળકોમાં પૂ. શ્રી માએ નાની ઉંમરે કમાણી કરીને ભારતમાં સત્કર્મો કરવા પ્રેરણા આપી ને સત્કર્મોમાં સૌ હાજર રહ્યાં એ દૃશ્યોનું વર્ણન સીમિત ને મર્યાદાવાળી ભાષામાં શક્ય નથી. પણ જેણે જેણે એ સત્કર્મોના યજ્ઞો જોયાં છે, પૂ. શ્રી માની સંનિધિ માણી છે તેને માટે જીવનની એક સોનેરી તક મળી છે. એ તકનો આ સૂર આપના સુધી રેલાયો છે. પૂ. શ્રી માની સ્લેટ પર લખાતાં શ્રી હરિનાં વાક્યો, પ્રેરણાના શબ્દો, આશીર્વાદનું ભાથું જીવનને જીવવા માટે, મલકાતાં રહેવા માટે, હરખાતાં હરખાતાં જીવવા માટે

પાનખરને નિહાળીને મલ્હાર ગાવા માટે, જીવનની વસંતને માણવા માટે પ્રીત બની પથરાઇ જવા માટે, હરિના હોઠની બંસી બનવા માટે, હૈયામાં હેતનો સાગર ઘૂઘવવા માટે ને સાગરસમ છલકાઇ જવા પૂરતું છે. એટલે જ સૌને લાગે છે કે શ્રી હરિ પ્રેમરસ પાવા માટે સર્વેશ્વરીનું રૂપ લઇને અવની પર અવતર્યા છે. એવા આપણા રૂ. શ્રી માના શ્રી ચરણોમાં પ્રણામ.

**(ક્રમશઃ)**

Joy and happiness in this world of ours is because of the people well wishing for others.

The miseries existing to day in the world is only due to the people, who always covel for happiness and joy for themselves only.

આ સંસારમાં જે કાંઇ આનંદ છે તે બીજાઓ માટે સુખ ઇચ્છવા થકી જ છે.

આ સંસારમાં જે કાંઇ દુઃખો છે એ માત્ર પોતાનું જ સુખ ઇચ્છનારા સ્વાર્થી લોકોથી છે.

**—બોધી સત્ય**



# પરિગ્રહ દુઃખનું કારણ

**યોગેશ્વરજી**

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યા પ્રમાણે ભગવાન દત્તાત્રેયે મધમાખીને પણ ગુરુ કરી છે.

વનમાં વિહાર કરતાં એક દિવસ એમની દૃષ્ટિ વૃક્ષની ડાળી પરના એક મધપૂડા પર પડી.

અસંખ્ય મધમાખીઓએ એ મધપુડાની રચના કરેલી, અને એના પ્રત્યેક પરમાણુને રસમય કરવા માટે સહયોગ કરેલો.

કેટલો સરસ, મધુમય હતો એ મધપૂડો?

મધમાખીઓ એને ભારે મમતાથી વળગીને એનો રસાસ્વાદ લેતી એની ઉપર અને આજુબાજુ ફર્યા કરતી.

એથી એમને ઊંડી તૃપ્તિ મળતી.

પરંતુ એમના સુખ, સંતોષ અને આનંદનો થોડો જ વખતમાં અંત આવ્યો.

જોતજોતમાં તો ત્યાં એક પુરુષ આવી પહોંચ્યો. એણે ધૂમાડો કરીને તથા બીજા ઉપાયોથી માખીઓને અળગી કરી, ને મધપૂડાને લઇ લીધો.

માખીઓનું કાંઇ જ ના ચાલ્યું. એ નિરાશ તથા દુઃખી થઇને જોતી જ રહી, અને એ પુરુષ એમના દિવસોના પરિશ્રમથી પેદા કરેલા મહામોંઘા સંચિત ધનભંડારને લઇને વિદાય થયો.

એ બધું જોઇને જ દત્તાત્રેય ઊંડા વિચારમાં પડી ગયા. મધમાખીઓને ગુરુ માનીને એમની પાસેથી સદુપદેશ ગ્રહણ કરતા એ મનોમન બોલ્યા કે પરિગ્રહમાત્ર દુઃખ અથવા ચિંતાનું

કારણ થઈ પડે છે. માણસ પણ આવી રીતે સુખોપભોગની ભાવનાથી પ્રેરાઈને જુદી જુદી જાતનો સંગ્રહ કર્યા કરે છે. પરંતુ એ બધા પરિગ્રહનો ભોગ એના ભાગ્યમાં ભાગ્યે જ લખાયો હોય છે. કાળ એને એના ઉપભોગથી વંચિત રાખે છે. પરિગ્રહ કરાયેલા ભોગ કે પદાર્થો એને છોડીને ચાલ્યા જાય છે.

દત્તાત્રેયે સંકલ્પ કર્યો કે કોઈપણ પદાર્થની મમતા ના કરવી અને પરિગ્રહની વૃત્તિને ન પોષવી ને ન કાયમ રાખવી.

તેનો સંકલ્પ કરીને એ આગળ વધ્યા.

અપરિગ્રહ અને નિર્બળતાનો એ સંકલ્પ સૌને કામનો છે. અપરિગ્રહનો સંદેશ ઘણો પ્રાચીન છતાં સનાતન સંદેશ છે. અને આજના જમાનામાં તો એનું મહત્ત્વ સવિશેષ છે. પરિગ્રહવૃત્તિ વ્યક્ત તેમજ સમષ્ટિને માટે ભારે દુઃખદાયક, અમંગલ અને અશાંતિકારક થઈ પડે છે એ હકીકત તો થોડોક વિચાર કરવાથી સહેજે સમજી શકાય તેવી છે.

પરિગ્રહ કરેલા ભોગપદાર્થોનો ત્યાગ કરવો પડે કે કાળ એમનો કોળિયો કરે તે પહેલાં એમનો બનતો સદુપયોગ કરી લેવાય તો સારું છે. એને માટે આપણને સૌને સાવધાન કરતાં પેલા ભક્તકવિએ મધમાખીનું જ ઉદાહરણ આપતાં કહ્યું છે :

'માખીએ મધ ભેળું કીધું,
ન ખાધું ના ખાવા દીધું,
લૂંટનારે લૂંટી લીધું રે, પામર પ્રાણી!
ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી!'

કવિએ સીધી રીતે અને દત્તાત્રેય ભગવાને આડકતરી રીતે જે ચેતવણી આપી છે તે ચેતવણીને જીવમાત્રે લક્ષમાં લેવાની તથા તે સંબંધી ઘટતું કરવાની જરૂર છે. તેમ કરવાથી સૌનું કલ્યાણ જ થશે. અકલ્યાણ તો નહિ જ થાય.



# પ્રણામ પૂજા

કલ્યાણ

પ્રભુને પ્રણામનું મહાત્મ્ય ગાતા શ્રીમદ્ ભાગવતમાં કહેવામાં આવ્યું છે કે,

એકોપિ કૃષ્ણસ્ય કૃતઃ પ્રણામો,
દશાશ્વ મેઘાવ ભૃયેન તુલ્યઃ,
દશાશ્વમેઘી પુનરેતિ જન્મ,
કૃષ્ણ પ્રણામી ન પુનર્ભવાય!

ભગવાન કૃષ્ણને મહાત્મ્ય સહિત એક જ દંડવત્ પ્રણામ કર્યો હોય તો તેનું ફળ દશ અશ્વમેઘયજ્ઞ કરી પવિત્રતા પ્રાપ્ત કર્યા બરાબર થાય છે. જો કે દશ અશ્વમેઘયજ્ઞ કરનારને પણ ફરી જન્મ ધારણ કરવો પડે છે. પરંતુ ભગવાનને પ્રણામ કરનારને કદી ફરી જન્મ ધારણ કરવો પડતો નથી. અર્થાત્ તેની મુક્તિ થાય છે.

ભાગવત્ લીલાચરિત્રમાં ગવાયેલા પ્રણામ મહાત્મ્યને પૂ.શ્રીમાએ પોતાના લીલાચરિત્રમાં અગ્રીમ સ્થાન આપ્યું છે. પૂ.મા સર્વેશ્વરીના ભાગવત્ સરીખા લીલાચરિત્રમાં પ્રભુના શ્રી ચરણોમાં અર્પણ થતા પ્રણામોને 'પ્રણામપૂજા'નું સ્વરૂપ આપી પ્રણામની દિવ્યશક્તિનું ભવ્ય યશોગાન ગાયું છે. પ્રણામપૂજા પૂ.શ્રીમાના લીલાચરિત્રની પ્રધાન આરાધના બની ગઈ છે.

મા સર્વેશ્વરી અને પ્રણામપૂજા એ જાણે ભગવાનના અર્ધનારીશ્વર—નટેશ્વરનું એકાત્મકરૂપ ધારણ કરી લીધું છે.

પૂ.શ્રીમા અને પ્રણામપૂજા જાણે એકબીજાના પર્યાય બની ગયાં છે. પ્રણામપૂજા પૂ.શ્રીમાના અસ્તિત્વની ઓળખ બની ગઈ છે. પૂ.શ્રીમાએ 'પ્રણામીમાતા'નું બિરુદ સહજ ધારણ કરી લીધું છે. આજે જે જે ઘરમાં પ્રણામપૂજાનાં દર્શન થાય છે, ત્યાં ત્યાં સમજી લેવું કે તેઓ મા સર્વેશ્વરીનાં જ બાળકો હોય!

પૂ.શ્રીમાએ આ અવતારના લીલાચરિત્રમાં પોતાના બાળકોના આધ્યાત્મિક ઉત્થાન માટે—જીવોના ઉદ્ધાર માટે પ્રણામપૂજાની પોતાની આગવી આરાધના પદ્ધતિનું સર્જન કર્યું છે.

પરમશક્તિના દરેક 'સંભવામિ યુગેયુગે'નાં પ્રકટ સ્વરૂપોએ જીવોના કલ્યાણ માટે પોતપોતાની આગવી આરાધના પદ્ધતિઓ પ્રગટ કરી છે. રામાવતારમાં 'નામસ્મરણ'નું મહાત્મય દર્શાવ્યું. 'રામનામ જપો ને પાર ઉતરો' એ મહામંત્ર પ્રભુને પામવાની મુખ્ય આરાધના બની ગઈ. રામનામનો આધાર લઈને કેટલાય ભક્તો ભવપાર ઉતરી ગયા.

કૃષ્ણાવતારમાં પ્રભુને પ્રેમ કરવાનો સંદેશ આપવામાં આવ્યો. 'પ્રભુને પ્રેમ કરો ને પાર ઉતરો' એ મુખ્ય આરાધના આર્વિભાવ પામી. રાધાજી ગોપીઓ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરે ભક્તો પ્રભુના પ્રેમમાં પાગલ બનીને પાર ઉતરી ગયા.

આ અવતાર શ્રેણીમાં ભગવાન બુદ્ધ પ્રગટ થયા. તેમણે વિશિષ્ટ સાધના પ્રણાલીનું પ્રવચન કરતાં કહ્યું, 'અહંશૂન્ય બનો અને નિર્વાણ પામો.'

ભગવાન શંકરાચાર્યે 'અહં બ્રહ્માસ્મિ'નો ઉદ્‌ઘોષ કર્યો.



પરમતત્વ સાથે એકાત્મતા પ્રગટ કરતા કહ્યું. 'ચિદાનંદ રૂપઃ શિવોડહં.'

'મનોબુધ્યહંકાર ચિત્તાની નાહં' એ ભગવાન બુદ્ધના અહંકાર શૂન્ય ભિક્ષુની શુન્ય અવસ્થા છે અને 'ચિદાનંદ રૂપઃ શિવોડહં શિવોડહં । એ ભગવાન શંકરાચાર્યના આત્મદર્શી સિંહની ગર્જના છે. અહં શૂન્યતા એવી શાંતિ છે જે પર્વતોને હલાવી મૂકે છે. જ્યારે અહં બ્રહ્માસ્મિ એવી ગર્જના છે જેનાથી પરમશાંતિ છવાય જાય છે. બંને એકજ અભયપદને દર્શાવે છે. આમ દરેક પરમપુરુષોએ પોતાના ભક્તોને કલ્યાણ માટે, ઉદ્ધાર માટે, નિર્વાણ માટે, કૈવલ્ય માટે કે મુક્તિ માટે પોતપોતાનું આગવું દર્શન આપ્યું છે.

પરમશક્તિની આ અવતાર પરંપરામાં પૂ.શ્રીમાએ પણ પોતાના બાળકોના આત્મિક કલ્યાણ માટે વિશિષ્ટ સાધના પદ્ધતિ પ્રગટ કરી છે. જેમાં નામ સ્મરણ, પ્રેમપ્રાકટ્ય, અહંશૂન્યતા અને શિવોડહંનું એકાત્મરૂપ પ્રકટ કર્યું છે. આ આરાધના પદ્ધતિ છે. પ્રણામરૂપ :

પ્રણામ પૂજા એ,

—પ્રભુની સર્વોત્તમ પૂજા પ્રણાલિ છે.

—શ્રેષ્ઠ શરણાગતિ ભાવ છે.

—પ્રભુનું સહજ સ્મરણ છે.

—પ્રભુ પ્રેમનું પ્રગટ સ્વરૂપ છે.

—અહંશૂન્યતાની પરમ અવસ્થા છે.

—શિવોડહં શિવોડહંનો અહાલેક છે.

—પ્રાર્થનાનો પ્રબળ પોકાર છે.

—તપનું શ્રેષ્ઠ સ્વરૂપ છે.

—ભક્તિની નમ્ર આરાધના છે.

—પ્રભુ સાથેનો સીધો યોગ જ છે.

પ્રણામ પૂજા એ પૂ.શ્રીમાનું પોતાના બાળકો માટેનું શ્રેષ્ઠ કલ્યાણકારી વરદાન છે.

દુર્ગુણોનો સેનાપતિ અહંકાર છે, અહંની વિદાય સાથે દુર્ગુણોનું આખું લશ્કર વિદાય થાય છે. આ અહંશૂન્ય અવસ્થા પ્રાપ્ત કરવા માટે પ્રભુના શ્રી ચરણોમાં અર્પણ થતા પ્રણામો એ ઉત્તમ સાધના છે. અહંશૂન્ય થયા સિવાય પ્રભુના શ્રી ચરણોમાં મસ્તક ઝૂકતું નથી. જેમ જેમ પ્રણામ પુષ્પો પ્રભુના શ્રીચરણોમાં અર્પણ થતાં જાય છે તેમ તેમ મન અહંકાર શૂન્ય થઈને, સ્વચ્છ બનીને પ્રભુના શ્રીચરણોમાં સમર્પિત થઈ જાય છે. પ્રણામ કરનારને એક જ ભાવ સહજ પ્રગટ થઈ જાય છે.

‘પ્રભુ અમે તમારા અને તમે અમારા’ વચ્ચેથી દુન્યવી ભાવો જાણે અદૃશ્ય થઈ જાય છે. અહંશૂન્યતા પ્રગટતાં જ જાણે સાધનાનું ગૌરીશિખર સર થઈ જાય છે.

વર્ષોથી પૂ.શ્રી માની પ્રણામ પૂજા અવિરત ચાલ્યા જ કરે છે. અત્યાર સુધીમાં તો લાખો પ્રણામપુષ્પોનો અર્ધ્ય ધર્યો છે, રોજ પ્રભાતે પૂ.શ્રીમા નિયમ પ્રમાણે નિયમિત રીતે ૨૭૫ પ્રણામ પુષ્પો પ્રભુના શ્રીચરણોમાં ધરે છેઃ વર્ષોના આ નિયમમાં એકપણ પ્રણામની ક્યારેય ચૂક થઈ નથી.

પૂ.શ્રીમા એ પોતાના બાળકોને માટે પ્રણામ પૂજાની ઉપાસના પ્રકટ કરીને કર્મકાંડની ધૂપ, દીપ અને નૈવેધની ઘરેડમાંથી બહાર



કાઢીને પ્રભુ દર્શનની મંગલ તરફ આગેકૂચ કરાવી રહ્યાં છે.

પૂ.શ્રીમાએ વરદાન આપતાં કહ્યું છે કે જેઓ નિયમિત પ્રણામ પૂજા કરશે તેમના તન, મન, ધનનું ઉત્તમ આરોગ્ય જળવાશે. પૂ.શ્રીમા કહે છે કે પ્રણામ દ્વારા પ્રભુપાસે ગતજન્મનાં અપરાધોની ક્ષમા માગવાની છે અને આ જન્મમાં નવા અપરાધો ન થાય તે માટે બળ માગવાનું છે. આપણે પણ પૂ.શ્રીમાના વરદાનને મસ્તકે ધારણ કરીને પ્રણામપૂજાથી અહંકારને ધોઈને મન સ્વચ્છ બનાવી પ્રભુના શ્રી ચરણોમાં સમર્પિત થઈ જઈએ, પ્રણામ પૂજા દ્વારા પ્રભુને પ્રાર્થના કરીએ.

અમ તિમિરે તવ તેજ જગવજે,
અમ રુધિરે તવ બળ પેટવજે,
અમ અંતરમાં તવ પદ ધરજે,
અમને રાખ સદા તવ શરણે,
મધુમય કમલ સમા તવ શરણે.

દારૂથી ભરેલા ઘડામાં મુઠી દર્ભ નાંખવાથી જેમ તે ઘડો પવિત્ર થતો નથી તેમ પગથી માંડીને માથાસુધી અંદર કલિયુગના કામાદિક મલિન વિકારોથી ભરેલા શરીરને ગંગાજલ પણ પવિત્ર કરવા સમર્થ થતું નથી, અર્થાત્ મન વિકારોથી રહિત શુદ્ધ હોવું એ જ સાચી પવિત્રતા છે.

**—વૈરાગ્યશતક**

हत



# વિશ્વમાતાની ઓળખ

**'બ્રહ્મર્ષિ' જનાર્દન દવે**

ન ઓળખવા જેવાની આપણે કાળજીપૂર્વક ઓળખ રાખીએ છીએ સામે તેઓ આપણને ક્યારેક ઓળખે છે ક્યારેક ઓળખતા જ નથી એવું પ્રકટ કરી દે, ત્યારે આપણને ગજબનું માઠું લાગી જાય છે.

બીજી બાજુ આપણે અમુક અમુક 'હામજી', 'ભામજી'ને ઓળખીએ છીએ તેઓ અમને પોતીકાં જણ માને છે. એવું કહી આપણે આપણો "આઈ" હોય એથી પણ વધુ કેપિટલ કરીએ છીએ. ભાંડો ત્યારે ફૂટે છે જ્યારે પેલા આપણા જ કાં ઓળખતા જ નથી અથવા આપણાં કામ "પતાવી દેવા" જરાયે આતુર દેખાતા નથી.

પણ આવું નિરાશ થવાનું એક જગ્યાએ નહિ આવે, અને તે છે "વિશ્વમાતા", એને ઓળખવામાં, એની જોડે નાતો બાંધવામાં જરાયે ભય નથી. ભાગવતજી કહે છે "ભાગવત ધર્મ એવો છે જેમાં धावन् निमील्य वा नेत्रे न पतेत् न स्खलेदिह આંખ મીંચીને દોડવા છતાં નથી પડવાનું થતું નથી લથડીયું આવતું."

ભાગવતધર્મ એટલે પરમતત્ત્વને પ્યાર કરવાનો ધર્મ. પરમતત્ત્વ પુરુષરૂપે સમજો વા માતૃરૂપેણ જાણો. કોઈ ભેદ તત્ત્વમાં નથી આપણી શ્રદ્ધા સમજમાં છે.

શાસ્ત્રો—આગમો કહે છે.

पुरुषं वा स्मरेद् देवीं स्त्रीरुपं वा विचिन्तयेत् ।
अथवा निष्फलं ध्यायेद् सचिदान्दलक्षणम् ॥



પરમતત્ત્વ દેવી માને પુરુષરૂપે સ્મરો કે સ્ત્રી રૂપે ચિંતવો, અથવા કલા કાષ્ઠા રહિત સચ્ચિદાનંદ નિરાકાર રૂપે ધ્યાન કરો. લક્ષ્ય ક્યાંક પહોંચવાનું તો રાખો મારા ભાઈ!

શ્રુતિઓમાં આજ્ઞાર્થક ક્રિયાપદ છે "વિદ્ધિ"=જાણો.

"आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु" આત્માને રથનો સ્વામી જાણો. શરીરને રથ જાણો.

જાણી લ્યો અને પછી પામવા દોડો, વૈદિક ગાયત્રી ઉપરાંત જુદા જુદા ઉપાસ્ય રૂપોના ગાયત્રી મંત્રો છે તેમાં "विद्महे", "धीमहि" અને છેલ્લે આવશે શબ્દ "प्रचोदयात्" विद्धि=જાણો—પણ ચાલો જાણી તો ગયા તો પછી ક્યો શબ્દ? વિદ્મહે—"नारायण विद्महे वासुदेवाय धीमहि । तन्नो विष्णु प्रचोदयात्" આ નારાયણ ગાયત્રી થઈ. નારાયણને અમે અમારા ઈષ્ટતમ્ આરાધ્ય તરીકે જાણી લીધા, પછી શું કરવાનું? वासुदेवाय धीमहि અમે વાસુદેવ(નારાયણ જ તો)નું વારંવાર, રોજરોજ ધ્યાન કરીએ છીએ.

ઘણીવાર તમે જાણી તો લો છો—પણ રાતદિવસ પકડી રાખો છો? ના. એવું નથી કરતા. પૂજ્ય મા સર્વેશ્વરીને કૃપાળુ મા તરીકે જાણી તો લીધાં. પણ ધીમહિ—ધ્યાન વડે શ્રીશ્રીમા સર્વેશ્વરી કે શ્રીશ્રી શારદા મા, કે શ્રીશ્રી આનંદમયી મા—તેને તમારા પોતાના બનાવી લેવા તેમાં ધ્યાન વડે ચોંટી જાઓ છો ખરા? યોગની મોટી મોટી વ્યાખ્યાઓ તો બહુ મળે છે પણ ગામઠી વ્યાખ્યા છે "ચોંટી જાઓ" કીડીઓ ગોળના ગાંગડા પર કે જરા ઢોળાયેલા મધના ટીપા પર કેવી ચોંટી જાય છે?

તો "विद्महे" અમે પરમતત્ત્વને માતાનારૂપમાં, શિવના, નારાયણના, આદિત્યના રૂપમાં, નિર્ગુણ નિરાકારને જાણીએ

છીએ. શ્રી શ્રી સર્વેશ્વરી માને જાણીએ છીએ—વ્યક્તિના રૂપમાં અમારી વચ્ચે છે. પરદેશમાં છે. અંબાજીમાં છે, ઉપવાસો પ્રણામોમાં ખૂંપેલાં છે. કલ્યાણ કારિણી છે, દૈવી છે. સહાયતત્પરા છે. પણ શું આ જ મા સવેશ્વરી છે, બસ આટલી જ? નહિ ભાઇ, એનું ધ્યાન કરતાં કરતાં, જોડાઇ ગયા પછી નજીક આવ્યે એ જ સમજાવે છે, હું બે ત્રણ હાથ જેવડી, દૂબળી પાતળી, જપ કરતી, નકોરડા ઉપવાસ કરતી, દેશવિદેશ સંચરતી કોઇ દ્યુતિમાન સ્ત્રી જ નથી, તો મા તમે કોણ? આપ કોણ એમ કેમ ન બોલ્યા? ભૂલ થઇ ગઇ ભાઇ, પણ માતૃશક્તિને આપ કહે, તમે કહો. તું પણ કહી દો. એ તો ભાવગ્રાહી છે.

આદ્યા દેવી છે, પૃથ્વીપરનો યોગ—જ્ઞાન—ભક્તિકલાનો અવતાર છે—વિભૂતિ અવતાર છે. દેવી ભાગવત કહે છે મંગલાચરણમાં ''सर्व चैतन्यरुपां तां आद्यां देवीं च विद्महे।'' દેવી સૂક્ત કહે છે ''चितिरुपेण या कृत्स्नं ऐतद् व्याप्य स्थिता जगत्'' એ પરમાચિતિ મૂળમાં અનાદિ અજા, આનંદરૂપા છતાં નિરાનંદા, ભુવન વ્યાપિની, ભુવનેશ્વરી અને છતાં વિશ્વાતીતા છું. વિશ્વોરચાયાં તેમાનું બધું એ એકલી જ. બે તો છે જ ક્યાં? તો એ કાળરૂપા, કાલાગ્રાસા કાલી છે, ત્રિપુરા પણ એ જ. એનાં નામ અનંત, લીલા અનંત, સામર્થ્ય અનંત, ઉપાસ્યો રૂપો અનંત, કોઇ એક બીજા જેવું નહિ. कृष्णास्तु कालिका स्वयम्. કાલીને કોઇએ કહ્યું ''મા તું ઘણી વિકરાળ, ઘણી ભયાનક, દર્શન થતાં શરીર છૂટી જાય બીકમાં, આવું તે હોય?'' મા કહે ''લ્યો ત્યારે હું ત્રિભુવન મોહન, લલિત ત્રિભંગી કૃષ્ણ થઇ જાઉં.



સ્મશાનવાસિની, દિગંબરા, ''શવારૂઢાં મહાભીમાં''. એ જ અમારો બર્હાપીડં નટવર વપુઃ, પીતાંબર સ્રગ્વી, સાક્ષાત્ મન્મથ મન્મથ કંદર્પ કોટિ લાવણ્ય કૃષ્ણ.

તો પેલા ધવલ વચન પૂજ્ય યોગેશ્વરજી એ પુરુષ, શ્રી સર્વેશ્વરી સ્ત્રીરૂપ ક્યાં ભેદ કરશો? નવદુર્ગા, દસવિદ્યા, વેદવાણી, પરા પશ્યન્તી મધ્યમા વૈખરી, મંત્રરૂપા, કુંડલિની—બસ નામ રૂપ જોતા જ રહો. પણ ધ્યાન સાધો ''धीमहि'' તત્ત્વરૂપે, ધ્યાન યોગ વડે એના અવ્યક્ત સર્વવ્યાપી તત્ત્વરૂપે એની સાથે ચોંટી જવું જ શ્રેયસ્કર અને નિઃશ્રેયસ્કર. धियो यो नः प्रचोदयात् કહો કે धियो या नः प्रचोदयात्॥ કહો—કયો ભેદ હે મા, તું બુદ્ધિ ભટકાવી ન દે, બુદ્ધિ મનને તારા ભણી આકર્ષી, વશ કરી તત્ત્વ સાથે એક કરી દે. જય મા.

ધનની કોઇ એક નિશ્ચિત જાતિ—વ્યાખ્યા નથી. જેને જે પ્રિય હોય તેની દૃષ્ટિએ તેને માટે તે ધન કહેવાય. કોઇ જમીનને ધન માને છે, કોઇ સોનારૂપાને ધન માને છે, કોઇ પશુઓને ધન માને છે, તો વળી કોઇ પુસ્તકોને ધન માને છે, કેમકે તેને તેને તેતે વસ્તુ પ્રિય છે, માટે તેને માટે તેતે ધન. અવિવેકીઓ જેમ ઉપર કહેલી વસ્તુઓને ધન માને છે, તેમ વિવેકીઓ—વિદ્વાનો પોતાની પાસે કંઇ પણ પરિગ્રહ ન રાખવો—સદા નિઃસ્પૃહી દશામાં રહેવાને ધન માને છે. પ્રથમ વર્ગનું ધન સદા ભય આપનારું છે, ને બીજા પ્રકારનું વિદ્વાનોનું ધન સદા અભય આપનારું છે.

**—વૈરાગ્યશતક**

# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

મા સર્વેશ્વરી

આજે યાત્રા પ્રારંભ પામી છે. યાત્રીઓ સાથે છે.

(૧)પૂજા (૨)રાધિકા (૩)ગાર્ગી (૪) ગોપીશમા (૫)હેમાલી (૬)શિવાની (૭)ભક્તિ (૮)ગોપીભક્ત (૯)પુનિતા (૧૦)દયા (૧૧)નિશા (૧૨)શીતલ (૧૩)ઉમા (૧૪)ક્ષીપ્રા.

(૧)ઋષભ (૨)શુકન (૩)અચ્યુત (૪)ચિન્મય (૫)કૌશલ (૬)જનક (૭)જયેશ (૮)ધ્રુવ (૯)અર્જુન (૧૦)ઉજ્જવલ (૧૧)અનિલ (૧૨)અપુ (૧૩)હિતેશ (૧૪)સારંગ.

(૧)જગુભાઇ (૨)વાસુદેવ (૩)પ્રભુભાઇ (૪)વિનોદભાઇ (૫)પંકજ (૬)મહેન્દ્ર (૭)રાજુ.

(૧)નયના (૨)ઉપાસના (૩)રંજન (૪)સરોજ (૫)ટીનુ (૬)દક્ષા (૭)નીરૂબહેન (૮)જ્યોતિબહેન (૯)પદમાબહેન (૧૦)રૂક્ષ્મણીબહેન (૧૧)સરોજબહેન (૧૨)મંજુબહેન (૧૩)ગીતાબહેન.

અ—ધ—ધ—ધ આટલા બધા સ્વજનો એક જ બસમાં! એક જ ડાળ ઉપર બેસીને યાત્રાનાં ગીત ગાશે! યાત્રાની મોજ માણશે. યાત્રાને વધાવશે, સજાવશે!

નાના બાળકો પણ છે. મોટાપણ છે અરે, વચલા પણ છે. દરેક વય, દરેક ક્ષેત્રના અહીં મંગલ મેળામાં જોડાયા છે. ગાનારા છે, બોલનારા છે, રમનારા છે, વગાડનારા છે, સમજાવનારા છે. પ્રભુએ એવા સૌને અહીં ભેગા કર્યા છે.

અને યાત્રા પ્રારંભ પામી છે, પ્રાર્થના થઇ છે. યાત્રા એટલે



શું ભાઇ હિતેશે સમજાવ્યું છે. પેલા દરિયાકિનારે મોટી મોટી શીલા ઉપર સૌ ચઢ્યા છે. ક્ષણિક ઊભા છે. પાછા બસમાં સૌ બેઠા છે.

માર્ગમાં પેલું પ્લેન અકસ્માતનું સ્મારક છે જેમાં ઘણી વ્યક્તિઓ મૃત્યુના અંકે ઠરી છે, ત્યાં સૌ પ્રાર્થના કરવા ઉતરી છે. પણ અચાનક વર્ષાદેવી સૌને મળવા આવી છે. સૌને વ્યક્તિગત મળીને પોતાનો પવિત્રપ્રેમ વહેંચી રહી છે. સૌ વર્ષાદેવીના સંસ્પર્શથી ભીના થયા છે. પલળી ગયા છે—પ્રેમમાં. આટલો બધો પ્રેમ હોઇ શકે? કે આખાને આખા ભીના કરીને નિતરતા કરી દે?

હા, એ વર્ષાદેવીને પરમપિતાપરમેશ્વરે મોકલેલાં કહેલું, “જાવ, આપણાં બાળકો યાત્રામાં છે. વિવિધ દેશના, વિવિધ વય, વિવિધ નામ, વિવિધ સ્વભાવ ને વિવિધ કક્ષાનાં છે. તે સૌને આપ એક સરખો પ્રેમ વહેંચી આવો. સૌને એક જ પ્રસાદ એક સરખો જ પ્રસાદ; એક જ સમયે સાથે જ પ્રસાદ વહેંચાયો. કોને એવું ના લાગ્યું કે અમને તો પ્રસાદ જ ના મળ્યો!”

મા બસમાં જ હતાં, માને એ પ્રસાદની જરૂર ન હતી. જેને જેને જરૂર હતી, તેને તેને ગંગાસ્નાનનો લ્હાવો ધર્યો.

સૌ હસતા રમતા દોડતા, પાણીથી ઝબોળાયેલા જાણે હરિના હાથે સ્નાન પામીને ધન્ય થઇ ગયા.

બસમાં બેસી શકાય તેવું જ ન હતું સૌ પ્રેમપાણીથી પલળીને ઊભા ઊભા સંકીર્તનમાં મસ્ત બની ગયા.

આ પણ એક મોજ હતી યાત્રાની. બસમાં સૌ ધૂન, ગરબા, અંતાક્ષરીમાં મસ્ત બની ગયા અને પ્રસાદ તો સમય સમયે વહેંચાતો જ રહ્યો છે.

જાણે વરસોથી આ બસરૂપી ઘરમાં જ સૌ રહેતા હોય એટલા બધા સૌ ટેવાઇ ગયા છે.

આજે બહેન ઉપાસનાનો જન્મદિન છે. જ્યારથી રાજુ યાત્રી જોડે લગ્નસંબંધે જોડાઇ, ત્યારથી નિત્યનવી શ્રદ્ધા વધતી રહી છે. જન્મદિનનું ગીત ગવાયું છે. બહેન રંજન તરફથી પ્રસાદ, જ્યોતિબહેન તરફથી ફૂલ સૌને મળ્યાં છે. અરે, બહેન ઉપાસના માને ઉપયોગી એવું વાઇબ્રેટ થાય તેવું ઓશીકું પણ આજે લાવી છે. જેની જેવી ભાવના, તેવું તે તે ઘરે ને પોતાનો પ્રેમ વ્યક્ત કરે.

મા ગમે છે તે વ્યક્ત કરવાના અનેક સાધનો, અનેક રીત છે.

આજે પેલો નાનકડો નમન(નામ માએ જ આપ્યું છે) તેનો પણ જન્મદિન છે ગીત ગવાયું છે, સૌને અર્પણભાઇ તરફથી પ્રસાદ પણ અપાયો છે. નાનકડો નમન સરસ ભજનને ઢોલક પણ વગાડે છે.

આજે શ્રીદલપતભાઇ શ્રીદમયંતીબહેન મળ્યાં છે. હેલીફેક્ષમાં યાત્રીઓ માટે તેઓ જાણે બે દિવસનાં અન્નપૂર્ણા બની ગયાં છે. ઘરની રસોઇથી સૌને તૃપ્ત કર્યા છે.

એમની સાથે વાત કરતાં ખ્યાલ આવ્યો કે એ બન્ને શાસ્ત્રીય સંગીતનાં કલાકાર છે. અરે, બન્ને દશવરસથી શ્રીવ્યાસજી પાસેથી સંગીત શીખે છે. દરરવિવારે એ દંપતી ૨ કલાક ગાડી ચલાવીને અતિનિયમિત ગુરુજી પાસે જાય છે અને સારંગી તથા શાસ્ત્રીય રાગ શીખે છે.

દૂર દૂર નાના નાના ગામડામાં વસતા આપણા ગુજરાતીઓમાં આવો રસ ભાગ્યે જ જોવા મળે. સૌને પૈસા



કમાવવામાં રસ હોય, પણ સાથે શાસ્ત્રીય સંગીતની સાધનાની ઇચ્છા એક નોંધપાત્ર વાત છે.

આજે રાતની બેઠકમાં શ્રીદલપતભાઇએ સારંગીવાદનનો કાર્યક્રમ આપ્યો. ''વૈષ્ણવજન તો પણ'' સારંગી ઉપર સંભળાવી જાણે સૌને ગુજરાતમાં શ્રી નરસિંહમહેતા તથા ગાંધીજીની પાસે લઇ ગયા!

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,<br>ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત.

કવિ ખબરદારની આ પંક્તિ શ્રી દલપતભાઇએ નરસિંહમહેતાનું પદ સારંગી ઉપર સંભળાવી સત્ય કરી બતાવી છે.

શ્રી જગુભાઇના એ મિત્ર દલપતભાઇ જાણે આ પ્રદેશના છૂપા રત્ન છે. શાંત, નમ્ર, લગભગ મૌન જેવા રહેતા હોય તેવું લાગે છે. એની અંદર વસતા સંગીતપ્રેમીને ખરેખર માણવા જેવો છે.

દરરોજ ૧ કલાક તો સારંગી વગાડે જ છે, પણ ઘણીવાર ઘડિયાળ પણ વિસ્મૃત થઇ જાય એવું એમણે જ કહ્યું. સંગીતની સાધના એવી દર્દવિનાશક, શાંતિ પ્રદાયક છે. એવું શ્રી દલપતભાઇની વાતો સાબિત કરી રહી છે.

સારંગી વાદન પછી ગરબો પણ ગવાયો છે. ગરબો ગાવો છે? એવું માની સ્લેટનું એ વાક્ય કોઇકની પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે હતું, એ વાત પાછળથી જાણવા મળી. સ્લેટ જાણે પ્રાર્થનાનો પ્રત્યુત્તર ધરનારૂં સાધન છે.

પૂજા કહે છે. મારા જીવનનો આ પ્રથમ અનુભવ છે. ''શાનો?''

બધા કહે છે, મા પ્રાર્થના સાંભળે છે. મને તો કદી એવો અનુભવ થયો નથી.

આજે સવારે મને વિચાર આવ્યો કે ચાલો માને કહીયે મા ગરબા કરાવો. પછી મેં હેમાલીને વાત કરી કે તું માને કહે. અને હું માના રૂમ પાસે ગઇ. ટકોરા માર્યા તો ક્ષીપ્રાબહેન મળી. તે કહે, મા હમણાં કામમાં છે, પછી મળજે. અને એ વાત ત્યાં જ રહી ગઇ. કોઇ જાણતું ન હતું. અમે કોઇને કહ્યું પણ ન હતું.

રાતે માએ અચાનક લખ્યું ગરબા કરવા છે? અરે, એ વાક્ય તો મારે માટે જ લખાયું છે એવું લાગ્યું. હા, મારી પ્રાર્થનાનો એ પ્રત્યુત્તર હતો.

યાત્રાનો આ મારે માટે વિશેષ પ્રસાદ રૂપે આ પ્રસંગ મળ્યો છે. મા આપનો ખૂબ ખૂબ આભાર.

માને બહેન પૂજાની વાત સાંભળીને લાગે છે કે સ્લેટ એટલે જાણે હરતા ફરતા હરિની વાણી. સ્લેટ એટલે જાણે હરિના સંદેશાનું પવિત્ર માધ્યમ. સ્લેટ એટલે જાણે હરિના હાથનું હથિયાર. સ્લેટ એટલે જાણે હરિની લીલા—વિહાર ભૂમિ. સ્લેટ એટલે જાણે હરિનો ગુપ્ત મૌનનો પ્રસાદ. સ્લેટ એટલે જાણે હરિની સર્વેશ્વરીમાં ઉતરવાની સીડી.

એક એક અક્ષર જાણે એ અલૌકિક સીડીનું એક એક પગથીયું.

પેલો પ્રસિદ્ધ ગરબો છે ને

મા પાવાગઢથી ઉતર્યાં મા કાલી રે,
વસાવ્યું ચાંપાનેર પાવાગઢવાળી રે,

અહીં એવું જ લાગે છે. હરિ હાથની સીડીથી ઉતરીને આ નિત્યનોંધની નગરી વસાવે છે. એ નગરીની વિવિધ ઘટના જાણે



વિવિધ રાજમહેલની નાની નાની બારી. એ ઘટનારૂપી બારીમાંથી શ્રી હરિ જ ડોકિયાં કરી કરીને દર્શન દઇ રહ્યાં છે.

જાણે આ નિત્ય નોંધ એ રીતે હરિદર્શનની હવેલી. એટલે જ વાચક એને સતત વધાવતા રહે છે. બીજા બધા જ ગ્રંથો છોડીને નિત્યનોંધ જ વાચવા ઇચ્છે છે, એનું રહસ્ય એ જ હોઇ શકે.

યાત્રાનો આ પ્રથમ દિવસ—સૂર્યોદય સૂર્યાસ્ત સુધી શ્રી હરિએ સુરક્ષિત રાખ્યો.

સરસ સ્વચ્છ વિશ્રામસ્થાનો જાણે યાત્રાળુઓનો સંઘ. બસ ઊભી રહે. સૌ પોતાના કર્મફળનાં પોટલાં શોધી લે. ને તેને દેહરૂપી ઘરમાં જઇને ઉઘાડે, વાપરે પાછા વઘઘટ થયેલાં કર્મફળોને બાંધે ને પાછા સૂર્યોદય થતાં વાપરે.

હરિની હાટડીનો આ વ્યાપારમાં નાનકડા બાળકોથી માંડીને વડીલ વૃદ્ધો સૌ જોડાઇ રહ્યા છે.

ગાડીના ચાલક વિદેશી છે, શાંત લાગે છે સરસ રીતે ગાડી ચલાવે છે.

મોડીરાતે આવતીકાલે પૂજા—રાધિકાને વધાવવાના કાર્યક્રમમાં મા, ક્ષીપ્રા, અનિલ, હિતેશ જોડે કાર્યરત છે. વિશેષતાને વંદન કરવાની આ એક સોનેરી તક છે. તો તેની તૈયારી પણ જરૂરી જ છે ને! આજની માળા થઇ ગઇ છે. પ્રણામ થઇ ગયા છે. હે મારાનાથ, સૌને સુરક્ષિત રાખજો. સૌને ઠારજો. પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

# નર્તિકીનું જીવન પરિવર્તન

અનુ. કુંદનિકા કાપડિયા

મારા ગુરુ મને ઘણી વાર કહેતા કે આ આખુંય જગત એક વિદ્યાશાળા છે. શીખવા માટે તારે માત્ર મારા પર જ આધાર ન શીખવો જોઈએ પણ બધી જગ્યાએથી શીખવું જોઈએ. એક વાર તેમણે મને આદેશ આપ્યો : 'વત્સ, તું દાર્જિલિંગ જા. ત્યાં શહેરની બહાર એક ઝરણું છે અને એ ઝરણાને કાંઠે સ્મશાનભૂમિ છે. હું તને એક સાધના શીખવવાનો છું અને ગમે તે થાય, તારે ૪૧ દિવસ સુધી ત્યાં રહીને આ સાધના કરવાની છે. સાધના પૂરી કરવામાં તારું મન ગમે તેટલી બાધા નાખે પણ તારે એ સ્થળ છોડવું નહિ.

મેં કહ્યું : 'ભલે મહારાજ!'

મોટા ભાગના લોકોને આવી જગ્યાએ રહેતાં ડર લાગે છે. તેમના મનમાં ચિત્રવિચિત્ર ખ્યાલો હોય છે. પણ મને ત્યાં કશી તકલીફ નહોતી. હું ત્યાં જઈને એક નાની ઘાસની ઝૂંપડીમાં રહેવા લાગ્યો. રાંધવા માટે હું આગ પેટાવતો. એ દિવસોમાં હું યુનિવર્સિટીમાં ભણવા જતો હતો અને ત્યારે ઉનાળાનું વેકેશન ચાલતું હતું. મને થયું ચાલો, ઉનાળાની છુટ્ટી આમ સાધનામાં ગાળીશ ને એ તો મારે માટે સરસ વાત થઈ.

મારા ગુરુએ દર્શાવ્યા પ્રમાણે મેં ૩૯ દિવસ સુધી સાધના કરી, પણ કશું બન્યું નહિ. એ વખતે મારા મનમાં જોરદાર વિચારો અથડાવા લાગ્યા : તું કેવો મૂરખ છે કે આવી એકાંત જગ્યાએ સમય વેડફી રહ્યો છે! દુનિયાથી તું અળગો પડી ગયો છે. તારી જુવાનીનો ઉત્તમ કાળ તું આમ વ્યર્થ ગુમાવે છે.



મારા ગુરુએ કહેલું : 'યાદ રાખજે, ૪૧મા દિવસે તને ચોક્કસ તારી અંદર સુધારો થયાની કોઈક નિશાની દેખાશે. એ પહેલાં સાધના છોડી દેતો નહિ. તારા મનનાં સૂચનોથી ડગી જતો નહિ—પ્રલોભનોથી ડગી જતો નહિ.'

મેં કહેલું : 'ભલે, હું વચન આપું છું.' પણ ૩૯મા દિવસે મારું મન, હું આ જે કરતો હતો તેની વિરુદ્ધ એક પછી એક દલીલો રજૂ કરવા માંડ્યું. મને થયું, હવે બે દિવસમાં શું મોટો ફરક પડી જવાનો છે? ૩૯ દિવસ પછીયે કાંઈ અનુભૂતિ તો થઈ નથી. મિત્રોને મેં વચન આપેલું કે હું તમને પત્ર લખીશ, અને મેં એક પણ પત્ર લખ્યો નથી. હું તો મરેલાઓની વચ્ચે જીવું છું. આ ક્યા પ્રકારનો ઉપદેશ છે? ગુરુએ મારી પાસે આવું શા માટે કરાવવું જોઈએ? એ કાંઈ સારા ગુરુ ન કહેવાય. અને આમ મેં એ જગ્યા છોડી દેવાનું નક્કી કર્યું.

આગ ઉપર મેં પાણી રેડી દીધું અને ઘાસની ઝૂંપડી તોડી પાડી. રાત બહુ ઠંડી હતી આથી મેં મારી શાલ વીંટાળી લીધી, અને પછી શહેર તરફ ચાલવા માંડ્યું. મુખ્ય રસ્તા પરથી હું પસાર થઈ રહ્યો હતો ત્યાં મેં થોડાક વાજિંત્રો વાગી રહેલાં સાંભળ્યાં. એક સ્ત્રી ગાતી ગાતી નૃત્ય કરતી હતી. તેના ગાવાનો ભાવાર્થ હતો : જીવનના કોડિયામાં તેલ બહુ ઓછું છે અને રાત ઘણી મોટી છે. આ એકના એક શબ્દો તે ફરી ફરી ગાતી હતી. એ સાંભળી હું અટકી ગયો. તબલાંનો અવાજ જાણે મને કહેતો હતો : ધિક્ ધિક્ આ તેં શું કર્યું?

હું એટલો હતાશ થઈ ગયો! હું વિચારવા લાગ્યો : છેલ્લા બે દિવસ મેં પૂરા ન કર્યા. હું મારા ગુરુ પાસે જઈશ તો તે કહેશે : તેં તારી સાધના પૂરી કરી નથી. ઝાડ પક્વ થાય તે પહેલાં જ તું ફળની અપેક્ષા રાખે છે. આમ વિચારી હું પાછો ફર્યો અને

બાકીના બે દિવસની સાધના પૂરી કરી. ૪૧મા દિવસે, તેમણે ભાખેલું તે પ્રમાણે જ સાધનાનું ફળ પ્રગટ થયું.

હું ફરીથી શહેરમાં ગયો અને પેલી ગાયિકાના ઘર પાસે પહોંચ્યો. તે એક સુંદર ને પ્રખ્યાત નર્તિકા હતી. તે વેશ્યા છે એમ કહેવાતું હતું. એક જુવાન સંન્યાસીને પોતાના તરફ આવી રહેલો જોતાં જ તે મોટેથી બૂમ પાડીને બોલી : ‘થોભો, થોભો, અહીં આવતા નહિ. તમે ખોટી જગ્યાએ આવી ચડ્યા છો. આવી જગ્યા તમારે માટે નથી.’ પણ હું તો આગળ વધતો જ ગયો. તેણે બારણાં બંધ કરી દીધાં અને એક મોટી મૂછોવાળા તગડા નોકરને તેણે સૂચના આપી કે મને અંદર આવવા દેવો નહિ. નોકરે સત્તાવાહી અવાજે મને કહ્યું : ‘ત્યાં જ રહો મહારાજ, તમારે માટે આ જગ્યા બરોબર નથી.’

મેં કહ્યું : ‘ના, મારે એમને મળવું છે. તે મારી માતા સમાન છે. તેમણે મને મદદ કરી છે અને હું તેમનો કૃતજ્ઞ છું. એમના ગાયનથી એમણે મને જાગ્રત ન કર્યો હોત તો મેં મારી સાધના અધુરી છોડી હોત. હું નિષ્ફળ ગયો હોત અને એ માટે મેં મારી જાતને ધિક્કારી હોત. આખી જિંદગી એનો ડંખ મને સાલત.’ નર્તિકાએ આ સાંભળ્યું ત્યારે તેણે બારણું ખોલ્યું, મેં કહ્યું : ‘સાચે જ, તમે મારી માતા સમાન છો.’

શું થયું હતું તે મેં તેને જણાવ્યું. અમે થોડો વખત વાતચીત કરી. તેણે મારા ગુરુ વિષે સાંભળ્યું હતું. જવા માટે હું ઊભો થયો ત્યારે તેણે કહ્યું : ‘આજથી હું તમારી માતાની જેમ જ રહેવાનું વચન આપું છું. હું પુરવાર કરી બતાવીશ કે હું માત્ર તમારી જ નહિ, બીજા ઘણાની પણ મા થઈ શકું છું. હવે મને પ્રેરણા મળી છે.

બીજે દિવસે તે બધું છોડી વારાણસી ચાલ્યાં ગયાં. ત્યાં ગંગા



પર બેસી તે શ્લોક ગાતાં. હજારો લોકો તેમની સાથે જોડતાં. એક નૌકા, જે તેમનું ઘર હતી, તેના પર તેમણે લખ્યું હતું : ‘મને સાધ્વી માનતા નહિ, હું તો વેશ્યા હતી, મહેરબાની કરી મારો ચરણસ્પર્શ કરતા નહિ.’ કોઈ તેમની સાથે વાત કરવા જાય તો તે ફક્ત કહેતાં : મારી સાથે નીચે બેસી ભગવાનનું નામ લો. આપણે તેમને પૂછીએ કે, ‘કેમ છો?’ તો તે કહેતાં ‘રામ.’ આપણે પૂછીએ : ‘તમને કાંઈ જોઈએ છે? તમને કાંઈ હું લાવી આપું?’ તો તે કહેતાં : ‘રામ.’ બસ, બીજું કાંઈ નહિ.

એક દિવસ પાંચ—છ હજાર લોકોની મેદની સમક્ષ તેમણે જાહેર કર્યું : ‘કાલે સવારે હું વિદાય લઈશ. આ શરીરને પછી પાણીમાં ફેંકી દેજો. ત્યાં તે માછલીઓના ઉપયોગમાં આવશે.’ પછી તેમણે મૌન લઈ લીધું, બીજે દિવસે તેમણે દેહત્યાગ કર્યો.

જાગૃતિ આવે છે ત્યારે આપણે ભૂતકાળને ખંખેરી નાખી, આપણા વ્યક્તિત્વનું પૂરેપૂરું રૂપાંતરકરી શકીએ છીએ. દુનિયાના કેટલાક અતિ મહાન સંતો પહેલાં દુષ્ટ હતા. દા.ત. પાછળથી સેન્ટ પોલ બન્યા તે સાઉલ. સાઉલ દમાસ્કસ જતા હતા ત્યારે રસ્તામાં અચાનક જ તેમને પ્રકાશ લાધ્યો અને તે સંપૂર્ણપણે બદલાયેલા માણસ બની રહ્યા. વાલ્મીકિના સંબંધમાં પણ એમ જ બનેલું. એટલે જ તમારી જાતને ધિક્કારતા નહિ. તમને ભલે એમ લાગતું હોય કે તમે ઘણા ક્ષુદ્ર કે દુષ્ટ છો, તમારું રૂપાંતર કરવાની તમને તક છે જ. સાચો શોધક હંમેશાં સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે અને સઘળાં બંધનો અને દુઃખોમાંથી મુક્તિ મેળવી શકે છે. એક ક્ષણમાં પણ તમે જ્ઞાન પ્રાપ્ત કરી શકો એમ બને.

## ખૂનીનું હૃદય—પરિવર્તન

હિમાલયમાં ચાર વિખ્યાત તીર્થધામો છે : ગંગોત્રી,

જમનોત્રી, કેદારનાથ અને બદરીનાથ. જૂનથી સપ્ટેમ્બર સુધી મેદાનનાં શહેરો અને ગામડાઓના લોકો એકબે મહિના માટે પહાડોમાં જાય છે. ભારતીય જીવનની આ પ્રાચીન પરંપરા આજે પણ ચાલુ છે. પહાડી માર્ગો પર બધા પ્રકારના જિજ્ઞાસુઓનો ભેટો થાય છે. એક વાર હું મારા બે મિત્રો સાથે આ તીર્થોની યાત્રાએ જતો હતો ત્યારે પંચાવનેક વર્ષની ઉંમરના એક સાધુનો મને ભેટો થયો. તે ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાનો હતો. તે અતિશય નમ્ર, શાંત અને ગંભીર હતો. તે અમારી ટુકડીમાં જોડાયો. અમે ચાલુ વપરાતા રસ્તાઓ છોડી, જ્યાં શક્ય હોય ત્યાં આડબીડ ટૂંકી વાટ લેતા. સાંજે અમે કોઈક ગુફામાં વાસો કરતા, તાપણું સળગાવતા અને બટેટા શેકતા. અમે માત્ર એ જ ખાતા. પેલા સાધુ પાસે કંઈ જ સંપત્તિ ન હતી. જમવામાં તે અમારી સાથે જોડાતો. જમતાં પહેલાં અમે પ્રાર્થના કરતા : 'આ સઘળું બ્રહ્મ છે, બ્રહ્મને તે અર્પણ થાય છે અને બ્રહ્મ તેનો આહાર કરે છે.' ઈશ્વરની ચેતનમાં રહેવા માટે આવી રીતનાં ઉચ્ચારણો ઘણાં મદદરૂપ થાય છે. અમારી વાતચીત દરમ્યાન પેલા સાધુએ અમને એની કથની કહી.

તે અઢાર વરસનો હતો ત્યારે તેના પિતા અને તેના જ ગામના બીજા જમીનદાર વચ્ચે જમીનની બાબતમાં મોટો ઝઘડો થયો હતો. ઈર્ષ્યાને વશ થઈને ગામલોકોએ તેના પિતાનું ખૂન કરી નાખ્યું. ઈર્ષ્યા એક અનિષ્ટ તત્ત્વ છે, જે અંધકારના ગર્ભમાં ઊગે છે અને સ્વાર્થ અને આસક્તિ વડે પોષાય છે. આ જુવાનના બાપની હત્યા થઈ ત્યારે તે શાળામાં હતો. તે ઘેર આવ્યો ત્યારે તેણે પિતાનું વેર વાળવા પાંચ માણસોને મારી નાખ્યા. પછી તે પહાડોમાં ભાગી ગયો અને હિમાલયમાં



સંન્યાસીઓ અને યોગીઓનાં તેણે ચરણ સેવ્યાં. સતત સત્સંગ કરવાથી તેમ જ સાધુઓને મળતા રહેવાથી છેવટે અપરાધની લાગણીમાંથી તેનું મન મુક્ત થયું. તેણે તપ કરવા માંડ્યું અને જે કોઈ સાધુ સાથે તેને રહેવાનું બને તેની સમક્ષ તે પોતાના કૃત્યનો એકરાર કરતો. તેણે કઠોર સાધનાઓ કરી અને પોતાના અંતરાત્મા પરના ડાઘને ધોઈ નાખવા પ્રયત્નો કર્યા. છત્રીસ વર્ષ સુધી તે પહાડોમાં રહ્યો, ઘણી વાર તેને થયું કે પોલીસ પાસે જઈને ગુનો કબૂલી લેવો. આ છત્રીસ વર્ષના સમય દરમ્યાન તે બધે નાગાબાવા તરીકે પ્રસિદ્ધ થઈ ગયો હતો. લોકો સાથેની વાતચીતમાં ઘણી વાર તે ખુલ્લંખુલ્લું જણાવતો કે પોતે એક ગુનેગાર છે. પોતાનું અંદરનું સ્વરૂપ કેવી રીતે પોતે બદલી નાખ્યું તેની તે વાત કરતો. તે કહેતો : 'હું જાણું છું કે એક વેળા હું હત્યારો હતો, પણ આજે હું સદંતર બદલાઈ ગયો છું.' હિન્દુ, સૂફી, ખ્રિસ્તી અને બૌદ્ધ શાસ્ત્રોમાં આવી હૃદય—પરિવર્તનની ઘણી વાતો છે.

અમે એની સાથે વાતોએ વળગ્યા. છેવટે અમે એવા નિર્ણય પર આવ્યા કે તેણે પોલીસને શરણે થઈ જવું અને અદાલતમાં હાજર થવું. એટલે એમારી સાથે યાત્રાએ આવવાને બદલે બીજે દિવસે સવારે તે પોતાના જૂના ગામ ભણી રવાના થયો. પોલીસથાણે જઈ તેણે આખી વાત કહી. પોલીસોએ એને કસ્ટડીમાં રાખ્યો અને પછી ન્યાયાધીશ સમક્ષ હાજર કર્યો. પણ ન્યાયાધીશે તો કહ્યું : 'એની સામેનું તહોમતનામું ક્યાં છે? એની વિરુદ્ધ કેવા આરોપો છે?' પોલીસે છત્રીસ વર્ષ પહેલાં બનેલા ગુનાની વાત કરી, પણ આ બધી હકીકતોનો પુરાવો આપતી કોઈ નોંધ કે ફાઈલ તો હતી નહિ! ન્યાયાધીશે એને પ્રશ્નો પૂછ્યા

વરસ તેણે કેવી રીતે જીવન ગાળ્યું છે તે જાણ્યું ત્યારે તેમણે તેને છોડી દીધો. સાધુ હિમાલયમાં પાછો આવ્યો.

ગુનાશાસ્ત્રીઓનું કહેવું છે કે બધા જ ગુનાઓ મનની એ પ્રકારની અસમતોલ સ્થિતિમાંથી નીપજે છે. કાયદા પ્રમાણે બધું થવું જોઇએ એ હું કબૂલ કરું છું, પણ આવા ગુના કરતા લોકોને સુધારવાનો ને શિક્ષિત કરવાનો શું કોઇ માર્ગ નથી? લોકો માંદા હોય છે એટલા માટે ગુનો કરે છે? કે આપણે તેમને ગુનો કરવાની ફરજ પાડીએ છીએ? ગુનાનાં આ બન્ને પાસાં કાળજીથી તપાસવાં જોઇએ. ગુનો કરનારને અધિકાર પ્રત્યે સભાન થઇ શકે. ગુનો જો એક રોગ હોય, તો તેની પણ સારવાર કરવાનો માર્ગ આપણે ખોળવો જોઇએ. આપણે કેટલા મુક્ત છીએ એમ હું વિચારું છું, ત્યારે મારું હૃદય ઘણી વાર દુનિયાના બધા દેશોની જેલમાં રહેલા લોકો ભણી વહી જાય છે. આ કેવી કરુણતા છે! મારા મત પ્રમાણે આપણા આ બંધુઓને મદદ કરવા, તેઓ જાતે સુધરી શકે તે માટે અનુકૂળ વાતાવરણ રચવું જોઇએ.

મનુષ્યજાત હજુ સંપૂર્ણપણે સંસ્કૃત બની નથી. દુનિયામાં કોઇ દેશ એવો નથી જે તેના સર્વ પ્રજાજનોને મફત શિક્ષણ, તબીબી સહાય, કાયદા અનુસાર ન્યાય અને સમાનતા આપતો હોય. આપણે હજી એવો સમાજ નિર્માણ કરવાનો છે, જે સર્વ લોકોને આ પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડે અને જેને માટે આપણે રાહ જોઇ રહ્યા છીએ એ સંસ્કૃતિનું બીજું સોપાન સર કરવા માટે યોગ્ય વાતાવરણ સર્જે.

**''હિમાલયના સિદ્ધયોગી'માંથી સાભાર**



# પૂ. માની નિત્યનોંધ

**મા સર્વેશ્વરી**

**તા. ૫–૧૨–૦૭ મહાબળેશ્વર**

ગઇ કાલનો મંગળવારીયો હાટ માને ભારે પરિશ્રમ ધરતો ગયો. વિવિધ પ્રકારનો એ માનવમેળો જાણે માના આરોગ્યને હલાવી ગયો.

માળા તો ગઇકાલે ૩૩૪ થઇ ગઇ. આજે પણ થઇ ગઇ છે. પણ આજે ક્યાંય બહાર જવાનું ન હતું. જરૂર પણ ન હતી. ઓરડામાં જ આંટા મારતા મારતા જપ થઇ ગયા.

સવારે આજે કેનેડાના ૫ ભક્તોને મળવાનું બને છે. વળી, હેમલ, દિવ્યેશ પણ મળ્યા છે.

મહાબળેશ્વરના મંદિરના પૂજારીનો પ્રસંગ તથા પૂ.શ્રી સાથેની દક્ષિણભારતયાત્રાના મહાબળેશ્વરનાં સ્મરણો આજે સવારની બેઠકમાં સૌને પીરસાયાં છે.

રાતે શ્રી ધીરજબેન, નરેન્દ્રભાઇ મળે છે. વિદેશથી આવ્યા છે. હજી હમણાં જ ત્યાં મળ્યા છતાં અહીં આજે ખાસ આવ્યા છે.

માળામાં ઘણો સમય વીતી જાય છે. દિવસનો બધો જ સમય લગભગ જપમાં વીતે છે. વિશ્રામ સાથે આજનો દિવસ વીતી ગયો છે.

રાતની બેઠકમાં શ્રી ગુરુભગવંતની અમૃતવાણીનો પ્રસાદ સૌ પામ્યા છે. શ્રી ધીરજબેને પોતાના વિદેશના અનુભવો કહ્યા છે. સાર એ વાર્તાલાપનો એ જ હતો કે કોઇ પણ વિદેશીને પૂર્વગ્રહથી ના જુઓ. આફ્રિકન કે મુસ્લીમ કે અમેરીકન સૌ મારે

માટે ખૂબ ખૂબ સહાયક થયા છે. અજાણ્યા મારે માટે આપ્તજન થઇ ગયા છે. એટલે આપણે કોઇને માટે પણ ખોટો અભિપ્રાય ના બાંધી લેવો.

શ્રી ધીરજબેન કહે છે મને જાણે કોલેજકાળ પછી કોઇ અદૃશ્ય શક્તિએ જ સતત મદદ કરી હતી. અશક્ય બધું જ શક્ય બની ગયું હતું.

હાથમાં પૈસા નથી. ભણતા હતા અને લંડન ભણવા પહોંચ્યાં, ત્યાં પણ દરેક સમયે વિવિધ જરૂરી સહાય મળી ગઇ. આખા જીવનમાં અણધારી, અણમોલ સહાય મળી છે. એટલે પરમેશ્વરે વિવિધરૂપે માનવરૂપ ધરીને મને જીવાડી છે.

શ્રી ધીરજબેનના અનુભવો સાંભળી સૌને ભાથુ બંધાયાનો આનંદ થયો.

હે હરિ, સૌના જીવનમાં શ્રી હરિ અદૃશ્યરૂપે રહ્યા છે એવો વિશ્વાસ વધારો. સૌને સુખી કરો, શાંતિ ધરો.

હે પ્રભુ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**તા.૬/૧૨/૦૭ મહાબળેશ્વર**

પ્રભાત પ્રગટતાં જ પ્રથમ સ્મરણ પ્રણામ ને મંત્રજપનું થાય છે. જાણે દરરોજના મહત્વનાં કાર્યોમાં આ બે મુખ્ય કાર્યો છે.

આ મહાબળેશ્વર છે. શાંતિ છે. પણ આજે હવે મનઅંતરમાં લાગે છે કે હવે આ સ્થળે આટલું બસ. હવે સ્વર્ગારોહણ તરફ જવું જોઇએ.

આજે પહેલીવાર મનઅંતરમાં આ સ્થળને સલામી ભરવાની ઇચ્છા થઇ છે. તેમાં પણ શ્રી હરિની જ યોજના હશે. હવે સ્વર્ગારોહણ કે ગુજરાત બદલી કરવા માંગતા હશે તો મા ને શું? જે હરિને ગમે તે માને ગમે, કારણ માનો હરિ બારે માસ મા માટે મંગકારક જ રહ્યો છે એની ઇચ્છા, એની પ્રેરણા,



એની યોજના, એની કૃપા, એના આશીર્વાદ ઉપર જ આ જીવન નભે છે.

હવે જઇશું. જ્યાં લઇ જશે ત્યાં, કારણ આજે સવારથી પૂનાની પેલી યરવાડા જેલ જોવા જવાની ઇચ્છા સાવ શાંત થઇ ગઇ છે. જેથી ત્રણે બાળકોને સાફ ના પાડી કે આપણે હવે કોઇ પ્રયત્ન નથી કરવા. નથી જવું. કદાચ હવે ત્યાં જવું જરૂરી નથી લાગ્યું તો જ માને ઇચ્છા નથી થઇ.

એટલે એક બે દિવસમાં હવે આ સ્થળને સલામી ભરશે, ને જ્યાં શ્રી હરિ લઇ જશે ત્યાં જઇશું.

અહીંનાં જોવા લાયક સ્થળો સૌએ જોઇ લીધાં છે. માને એ સ્થળો જોવાની ઇચ્છા નહીંવત્ છે.

આજે સવારની બેઠકમાં મા હાજરી આપે છે. કારણ શ્રી ધીરજબેન, નરેન્દ્રભાઇ આજે વિદાય લેશે. આજે તેમની વાતો બેઠકમાં રજૂ કરવાના છે.

શ્રી ધીરજબેન, રાજીવ, હેમલ ત્રણના વાર્તાલાપ સૌ સાંભળે છે. ત્રણેના વિષયો વિવિધ હતા.

શ્રી ધીરજબેન માની તુલના વિવિધ સંતોના જીવન પ્રસંગો સાથે કરે છે.

ભાઇ રાજીવ કહે છે માને પૂરેપૂરા સમજવાં કઠિન છે. મા ની જે આ વ્રત તપની ગાથા છે તે સામાન્ય માનવ ના કરી શકે. એમની દિવ્યતાને સમજવા ભૂમિકા જરૂરી છે.

તો વળી, હેમલ કહે છે મારા અંતરમાં જ મા મને સતત પ્રેરણા કરી જગાડતાં રહે છે. મા મળ્યાં અને મારી જીવનની દિશા જ બદલાઇ ગઇ છે.

શ્રી ધીરજબેન, નરેન્દ્રભાઇ વિદાય થયાં છે. ભાઇ સ્નેહલ આવ્યો છે.

ભક્તોનું આગમન ને પ્રસ્થાન જાણે સહજ બની ગયું છે.

આજે સૌ પ્રતાપગઢ જોવા ગયા છે. મા આજે ફરી બજારમાં ગયાં છે શા માટે? ચાલવાનો વ્યાયામ બે ઢાળ ચઢવાથી સરસ મળી જાય છે.

આજે મા સાથે નિર્મલ, જીગીશા, દિવ્યેશ, રાજીવ, હેમલ, સ્નેહલ છે.

આજે પેલી હાટડીનો માર્ગ એકદમ સ્વચ્છ, શાંત હતો. જ્યાં જ્યાં દુકાનો મંડાઇ હતી ત્યાં ત્યાં જંતુનાશક દવા—સફેદ પાવડર નાખીને સ્વચ્છ કરી લીધી છે.

મહાબળેશ્વરની શહેર સુધરાઇ સ્વચ્છતા માટે જાગ્રત લાગે છે.

આજે એ માર્ગ જાણે અગ્નિ સંસ્કાર પછીની ભસ્મ પથારી લાગતી હતી. દેહનો અંતિમ સંસ્કાર પછી તો ભસ્મ જ વધેને?

એક જ દિવસમાં જન્મ, જીવન, મરણ, પૂર્ણાહુતિ. શાંતિ, એકાંત. જાણે આ માર્ગ ઉપર સ્મશાનવત્ શાંતિ.

બજારમાં જઇ આવ્યા. શ્રી ગુરુભગવંત મસૂરીના ચાર માસના નિવાસમાં દરરોજ પ્રવચન પછી બજારમાં જ ચાલવા—ફરવાનો વ્યાયામ ગુરુજી કે રતનલાલ, પૂ.માતાજી સાથે કરી લેતા, તેનું સ્મરણ થયું.

અહીં વાતાવરણ સ્વચ્છ, સમશીતોષ્ણ હવામાન એટલે ચાલવા જવાનું ગમે.

રાતે શ્રી મંજુલાબેનનોજન્મદિન ઉજવાયો. આજે ઓઝોનાથી બેનના પરિવારે ફોન ઉપર વાતો કરી છે.

દર બે દિવસે વિનોદભાઇ, સરોજબેન ફોન ઉપર મળે છે. પ્રેમ છે તો માની ખબર લે છે. હે હરિ, સૌ પ્રેમાળ સ્વજનોને સર્વપ્રકારે સંભાળજે, તારજે. તારા શ્રી ચરણે ઠારજે. પ્રણામ,



પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આજનો માર્ગ જંતુનાશક સફેદ પાવડર જેવી દવાથી સ્વચ્છ લાગતો હતો. પણ દરેકના અંતિમ સંસ્કાર પછીનું જાણે ભસ્મદર્શનનું સ્મરણ કરાવતું ગયું.

દેહ પડે એટલે ઘણી લાંબી ધબકતી ક્ષણોનું જાણે સ્મારક બની જાય. પાછુ તે સ્મારકને ૪,૮ કે ૧૨ની મદદથી અગ્નિદેવને અર્પણ કરવામાં આવે અને તે પછી ૪,૮ કલાકે તે જ દેહને ભસ્મ સ્વરૂપે—સફેદ પાવડર રૂપે પામીએ અને તે ભસ્મ પણ પાછી જળદેવતાને અર્પણ કરી સંપૂર્ણ વિસર્જન—વિસ્મૃતિનું પણ જનમનગણ ગાઇ નાંખીએ.

એક ધબકતા જીવનની એ પરિવર્તન પામતી પ્રસાદી કાળક્રમે વિસ્મૃતિ—વિસ્મૃત વિસ્મૃત. અનેક જન્મોની એ ઘટમાળમાં જો બધું જ યાદ રહી જાય તો જીવવું અકારું લાગે. ભૂતને યાદ કરતો કરતો ભૂત બની જાય. એટલે જ ભગવાને એક જાડો પડદો પાડ્યો છે. દરેક જન્મે એકડે એકથી ભણવાનું તો જ જીવવાનું ગમશે એવું પરમેશ્વર જાણે જ છે.

મહાબળેશ્વરના હાટની આ સફેદ ભસ્મ માને હલાવતી ગઇ. બતાવતી ગઇ—જૂઓ આ જ દશા સૌની

હે ચિંતક ગુરુભગવંત આપને, આપની આ કલમને પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

# રસેશ્વરી

(ડીસેમ્બર ૨૦૦૭ થી ચાલુ) શ્રી યોગેશ્વરજી

## પ્રીતિ

કૃષ્ણે એ બંનેના હાથ પકડ્યા.

બંનેના હાથમાં હાથ રાખીને એ આગળ વધ્યા.

રાધા અને સુપ્રિયા એ જાદુઇ સુધાસ્પર્શથી અતિશય સુખ પામ્યાં.

એમના સમસ્ત શરીરમાં ઝંકૃતિ ફરી વળી.

એમને રાગને લીધે રોમાંચ થઇ ગયાં.

અંતર અનુરાગથી આપ્લાવિત બનીને નર્તન કરવા લાગ્યાં. કાળજાં કિલ્લોલ કરવા માંડ્યાં.

એ ચંદનશીતલ સુવાસિત સ્પર્શ એમને માટે પરમશાંતિપ્રદાયક થઇ પડ્યો.

રાધાના સંતપ્ત અંતરને એણે સંજીવની ધરી.

એને થયું કે કૃષ્ણ પોતાના હાથને આવી રીતે અનતકાળ સુધી પકડી રાખે તો સારું. એણે પોતાના અંતરભઆવની અભિવ્યક્તિ કરતાં કહ્યું પણ ખરું :

'કૃષ્ણ! જીવનના આ જટિલ પંથના પ્રવાસમાં તેં આજે હાથ પકડ્યો છે તો તેને કદી છોડતો નહિ. આ સ્નેહને શાશ્વત રાખજે ને દિનપ્રતિદિન વધારજે.'

'સાચું છે.' સુપ્રિયા બોલી; 'વિવેકીનું એ કર્તવ્ય છે. રાધા તને એ કર્તવ્યની સ્મૃતિ કરાવી રહી છે. તે લોકહિતને માટે જ



જન્મ લીધો હોય તેમ આજ સુધી અસંખ્ય નાનામોટા અસુરોનો અંત આણ્યો છે. અમારા અંતરને શાંતિ આપવી, અમારા જીવનને પ્રેમમય કરવું અને પ્રકાશિત બનાવવું એ પણ લોકહિત જ છે. જીવનની આ મંગલમય મહાયાત્રામાં અમારા હાથને આવી જ રીતે પકડી રાખજે.'

કૃષ્ણ મીઠું મીઠું હસવા લાગ્યા, ને બોલ્યા :

'તમે બંને ભારે ચતુર છો.'

'ચતુર તું છે કે અમે છીએ?' રાધાએ પ્રશ્ન કર્યો.

'તમે છો. મને તો આવું સૂઝે પણ નહિ.'

'તો પછી અમારો હાથ પકડીને આગળ વધવાનું કેવી રીતે સૂઝ્યું?'

'એમાં કશી ચતુરાઇ નથી, પ્રીતિ છે. પવિત્ર પ્રીતિ.'

'તો અમારા શબ્દોમાં પણ પવિત્ર પ્રીતિ જ ભરેલી છે. એમાં બીજી કોઇ ચતુરતા નથી. છતાં તને ગંધ આવતી હોય તો અમે શું કરીએ? કેમ સુપ્રિયા?'

'બરાબર છે.'

સુપ્રિયાએ સૂર પૂરાવ્યો; 'અમારી નાની—મોટી પ્રત્યેક પ્રવૃત્તિ પવિત્ર પ્રેમભાવથી પ્રેરાઇને જ થઇ રહી છે. એમાંય તારે માટેનો રાધાનો પ્રેમ તો અદ્ભુત છે. તારા પરિચયને હજુ એક જ દિવસ થયો છે તો પણ સમુદ્ર તરફ વહેતી સરિતાની પેઠે એનું મન અને અંતર તારી તરફ અબાધિત રીતે વહ્યા કરે છે. એની રાત કેટલી કરુણ રીતે પસાર થઇ છે તે તો હું જ જાણું છું.'

રાધા બોલી :

'મને લાગે છે કે સરસ સંગીતસ્વર છોડતી સરિતાની પેઠે

આજથી નહિ પણ યુગોથી હું તારા સ્નેહના શાશ્વત સુધામય સાગર તરફ વહી રહી છું. મારું આ અભિસરણ આજનું નથી, અનંતકાળનું અથવા અનાદિ છે, અને અનંતકાળ લગી ચાલુ રહેશે. મારા જીવનનો, આત્માનો, અસ્તિત્વનો, એકમાત્ર આનંદ એમાં જ રહેલો છે એ ચોક્કસ છે.'

કૃષ્ણે કહ્યું :

'એ પ્રીતિને કદી પણ નહિ ભૂલી શકું અને એની પાછળની ભાવનાને પણ.'

'ખરેખર?'

'ખરેખર. એમાં કોઇ પણ પ્રકારની શંકાને માટે સ્થાન જ નથી.'

'તો તો પછી આજનો દિવસ મારા જીવનનો ધન્ય દિવસ બની ગયો. ઉત્તમ, અસાધારણ અને ચિરસ્મરણીય દિવસ. આ દિવસને હું નહિ ભૂલી શકું : આ દશ્યને અને શબ્દોને પણ. આજે મને અનેરો સંતોષ થયો. આજના આપણા સ્નેહસભર વાર્તાલાપની આ કલકલ નિનાદ વહી જતી કાલિંદી, સમસ્ત પ્રકૃતિ અને સુપ્રિયા સાક્ષી છે.'

વિશાળ વટવૃક્ષની નીચે આવીને બધાં બેસી ગયાં.

સુપ્રિયાએ કહ્યું :

'વટવૃક્ષ કેટલું બધું વિશાળ છે? એને જોઇને મને કૈં કૈં વિચારો આવી જાય છે.'

'કેવા વિચારો આવે છે?' કૃષ્ણે પૂછ્યું.

'આ વિશ્વ પણ વટવૃક્ષના જેવું જ છે ને? એનો વિસ્તાર નજરમાં ના આવે એવો અનંત છે.'



'સાચું છે, સુપ્રિયા! મને થાય છે કે માનવ જીવન આ વિશાળ વટવૃક્ષના જેવું જ મમત્વયુક્ત છે. જે પૃથ્વી પર એ પ્રકટ થાય છે તે પૃથ્વીને એણે ભૂલવી ના જોઇએ. પણ રાધા, તને આ વૃક્ષને જોઇને કેવા વિચારો આવે છે?'

રાધા વિચાર જગતમાંથી જાગીને બોલી :

'મને તો જુદાં જ વિચાર આવે છે.'

'જુદા એટલે કેવા?'

'આ વટવૃક્ષની પેઠે મારું જીવન પણ તારા પવિત્ર પ્રેમબીજમાંથી પોષણ પામીને પ્રબળ બને, ને તારો પ્રેમ મારા જીવનમાં આવી રીતે શીતળ છાયા પ્રદાન કરતો પથરાઇ રહે એ જ મારી અભિલાષા છે.'

'પરંતુ સ્નેહની છાયા સદા શીતળ જ હોય છે એવું નથી હોતું. કોઇ વાર તે તીક્ષ્ણ અથવા તીખી પણ હોય છે. એ દિલને શાંતિ અથવા ટાઢક આપે છે તેમ દઝાડે છે પણ ખરી.'

'છતાં પણ મારે માટે તે શીતળ જ સાબિત થશે. તે મને નહિ દઝાડે.'

'તો તો ઘણું સારું.'

સુપ્રિયાએ સ્મિતપૂર્વક કહ્યું :

'હજુ તો ગઇ કાલે એ સ્નેહનો સાધારણ સ્પર્શ જ થયો છે ત્યાં તો અંતર કેટલું બધું આર્ત અને આતુર બની ગયું છે, રાધા? તો પછી આગળ પરનો વિચાર કરી લેજે. સ્નેહના મંગલ માર્ગમાં જે કાંઇ થાય છે તે બધું ઇચ્છાનુસાર અથવા અનુકૂળ નથી થતું.'

**(ક્રમશઃ)**